Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વિષય-પરિચય


| | | |
|---|---|---|
| ૧ પર્યુષણ પર્વનો પ્રૌઢ પ્રભાવ | ( રેવાશંકર વાલજી બધેકા ) | ૩૫ |
| ૨ વીતરાગ પ્રભુના અનુપમ ગુણો | ( મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ ) | ૩૭ |
| ૩ મૃત્યુ એટલે ? મુક્તિઃ પરમ સુખ | ( આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૪૦ |
| ૪ અભયંકર નૃપનું અદ્ભુત ચરિત્ર | ( સં. ગાંધી ) | ૪૨ |
| ૫ ઉપદેશક પદ : કવ્વાલી | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૪૬ |
| ૬ આત્મશ્રદ્ધા અને પ્રયત્ન | ( અનુ૦ અભ્યાસી B. A. ) | ૪૭ |
| ૭ આત્મ-દર્શન | ( ચતુર્ભુજ જયચંદ શાહ B.A.LL.B. ) | ૪૯ |
| ૮ અખંડિત પૂજા | ( ચોકસી ) | ૫૩ |
| ૯ સંબોધક સાહિત્ય | ( કવિ રેવાશંકર વાલજી બધેકા) | ૫૫ |
| ૧૦ યોગશાસ્ત્ર માટે ગોપાલદાસ જી. પટેલ શું કહે છે ?... | ... ... | ૫૭ |
| ૧૧ પ્રવાહના પ્રશ્નો ... | ... ... ... ... ... | ૫૯ |
| ૧૨ સ્વીકાર અને સમાલોચના | ... ... ... ... | ૬૧ |
| ૧૩ વર્તમાન સમાચાર | ... ... ... ... ... | ૬૨ |


---

## શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગરની લાઇબ્રેરીના સભ્યોને નમ્ર સૂચના.

કેટલાક સભાસદો તથા ડીપોઝીટ વગેરેથી બુકો લઇ જનાર વાચકોને વિનંતિ છે કે ઘણા લાંબા સમયથી લાઇબ્રેરીના કેટલાક વાચકો પાસે પુસ્તકો બાકી છે તેઓએ પુસ્તકો સભાએ આપી જવા અથવા તેના પૈસા મોકલી આપવા વિનંતિ છે આ બાબતની સૂચના જેના પાસે બુકો છે તેઓને આપવામાં આવેલ છે અને જેઓને સૂચના ન મળી હોય તેઓએ આ જાહેર સૂચનાને ધ્યાનમાં રાખી બુકો પાછી મોકલી અન્ય વાંચકોને સરળતા કરી આપવા વિનંતિ છે.

---


## નવસ્મરણાદિ સ્તોત્ર સન્દોહ:

નિરંતર પ્રાતઃકાળમાં સ્મરણીય, નિર્વિઘ્નપણું પ્રાપ્ત કરાવનાર, નિત્ય પાઠ કરવા લાયક નવ સ્મરણો સાથે બીજા પ્રાચીન ચમત્કારિક પૂર્વાચાર્યકૃત દશ સ્તોત્ર, તથા રત્નાકર પચ્ચીશી, અને એ યંત્રો વિગેરેનો સંગ્રહ આ ગ્રંથમાં આપેલ છે. ઊંચા કાગળો, જૈની સુંદર અક્ષરોથી નિર્ણયસાગર પ્રેસમાં છપાયેલ, સુશોભિત બાઇડીંગ અને શ્રી મહાવીરસ્વામી તથા ગૌતમસ્વામી અને એ પૂજ્યપાદ ગુરુ મહારાજાઓની સુંદર રંગીન છબીઓ પણ ભક્તિ નિમિત્તે સાથે આપવામાં આવેલ છે. આટલો મોટો સ્તોત્રોનો સંગ્રહ, છતાં સર્વ કોઇ લાભ લઇ શકે જે માટે મુદ્દલથી પણ ઓછી કિમત માત્ર રૂ. ૦—૪—૦ ચાર આના. પોસ્ટેજ રૂ. ૦—૧—૩ મળી મંગાવનારે રૂ. ૦—૫—૩ ની ટીકીટો એક બુક માટે મોકલવી.

લખોઃ —**શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક : ૩૭ મું : આત્મ સં. ૪૪ : વીર સં. ૨૪૬૫ : ભાદ્રપદ :
અંક : ૨ જો : આ. શ. સં. ૩ : વિક્રમ સં. ૧૯૯૫ : ઓકટોબર :

# પર્યુષણ પર્વનો પ્રૌઢ પ્રભાવ

## દોહરો

પર્યુષણ શુભ પર્વનું, કરીએ અવલોકન;
શું શું સૂચવે સંઘને, જૈનધર્મ-શાસન. ૧

## હરિગીત છંદ.

પર્વાધિરાજ પધારતાં, આનંદ અતિ વ્યાપી રહે,
જપ-તપ-નિયમ વ્રતોતણાં, ઝરણાં વિમળ હૃદયે વહે;
છે મોક્ષદા શાંતિપ્રદા, સંસાર ન્હાવરૂપે ગણો,
સુપ્રસિધ્ધ મહિમા શાસ્ત્રમાં, છે પર્વ પર્યુષણતણો. ૧

મહાવીર પૂજ્ય પવિત્રનાં, ચારિત્ર શુભ વંચાય છે,
એ દિવ્ય દષ્ટાંતોવડે, મનક્ષેત્ર શુધ્ધિ થાય છે;
એ શાસ્ત્રબોધ હૃદે ધરો, ને પાપ-તાપ બધા હણો,
સુપ્રસિધ્ધ મહિમા શાસ્ત્રમાં, છે પર્વ પર્યુષણતણો. ૨

પૂજાવિધિ, અપવાસ શુભ, અઠ્ઠાઇ ને એકાસણાં,
એ સર્વમાં છે સૂક્ષ્મ ભેદો, ધર્મનાં તત્ત્વોતણા;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રદ્ધા સહિત સત્કર્મને, નિજ હૃદયમાં વિગતે વણો,
સુપ્રસિધ્ધ મહિમા શાસ્ત્રમાં, છે પર્વ પર્યુષણતણો. ૩

બાહ્યિક આડંબર બધા, વ્યવહાર પક્ષે ઠીક છે,
પણ તત્ત્વ " આતમજ્ઞાન " એ, આ પર્વમાંહી અધિક છે;
ગુરુજીવડે ગ્રહી જ્ઞાન ને, એ ખાણુ બહુ ઊંડી ખણો,
સુપ્રસિધ્ધ મહિમા શાસ્ત્રમાં, છે પર્વ પર્યુષણતણો. ૪

મહાવાકય આજ વદાય છે, मिच्छामि સાથે दुक्कडं,
એ છે " ક્ષમામહામંત્ર" જે, પાપોની કાઢે છે જડં;
સરવૈયું આખા વર્ષનું એ, મહદ્ વાકય વિષે ગણો,
સુપ્રસિદ્ધ મહિમા શાસ્ત્રમાં, છે પર્વ પર્યુષણતણો. ૫

દોષોતણી માગો ક્ષમા, આપો ક્ષમા એ રીતથી,
નિર્વૈર રાખો હૃદય તો, પ્રભુ રીઝશે બહુ પ્રીતથી;
સંવત્સરીનું સત્ત્વ એ છે, " આત્મવત્ " સૌને ગણો,
સુપ્રસિધ્ધ મહિમા શાસ્ત્રમાં, છે પર્વ પર્યુષણતણો. ૬

**વસંતતિલકા વૃત્ત**

રાખો ન ડંખ હૃદયે કદી કોઇ પ્રત્યે,
ચાખો સુસ્વાદુ ફળ ધર્મતણાં જ નિત્યે;
નાખો જ કાઢી ઝટ અંતરમાંથી મેલ,
છે માગ એ જ નિજ આત્મહિતાથ સ્હેલ. ૧

**દોહરો**

અંતરમાં ઊજળા રહો, તજી રાગ ને દ્વેષ;
પર્યુષણના પર્વનો, મહિમા એ જ વિશેષ.

લી. ધર્માનુરાગી

ભાવનગર–વડવા
ભાદ્રપદ શુકલ એકાદશી
સૂર્યવાસર

રેવાશંકર વાલજી બધેકા
નિવૃત્ત એજ્યુ૦ ઇન્સ્પેકટર-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "વીતરાગ પ્રભુના અનુપમ ગુણો"

લેખક—મુનિ શ્રી લક્ષ્મીસાગરજી મહારાજ

**અનંતકાળ** સુધી આ અસાર સંસારમાં અનેક રૂપાંતરો ધારણ કરી આ જીવે અનંતા જન્મ–મરણ કર્યાં છે અને દરેક સમયે જન્મ અને મૃત્યુને પ્રાપ્ત થતાં અનંતા દુઃખો વેઠ્યાં છે. બાળપણથી અંત અવસ્થા સુધી શરીરમાં રોગાદિકની વ્યાધિ થવાથી તથા પુત્રાદિકના વિયોગથી કે સંપત્તિના અભાવે, સ્નેહીના મૃત્યુથી કે ધન કમાવા ખાતર સઘળાંને છોડીને દેશ–દેશાવર રખડી, સુખ–દુઃખ વેઠી, જંગલ, સમુદ્રાદિ જગ્યાએ ભટકી, રાત-દિવસ તેની ચિંતામાં રહીને તેવા ઘણા જીવો હાયપીટ કરવા છતાં પણ ખરા જ્ઞાનના અભાવે તેવા માણસો એ વિષયસુખને સાચું સુખ ગણી, તે લેવા તત્પર થઇ, અનેક અનર્થ કરી, નવાં નવાં કર્મ બાંધી, સુખનો અંશ મેળવવા જતાં અને અનંતા દુઃખોના ચક્કરમાં પડી મેળવેલો ચિંતામણિ રત્ન સમાન મનુષ્ય જન્મ કિંકિણી કે કોડી સમાન વિષય-સુખની વાંચ્છા માટે હારી જાય છે. તેવા ભદ્રિક પ્રાણીઓને વારંવાર જન્મમરણનાં દુઃખ વેઠી આ અસાર સંસારમાં પરિભ્રમણ કરતાં અટકાવી, નિરુપદ્રવી, નિરુપમ સુખ આપવા ઘણે કાળે એવા પ્રભાવિક પુરુષનો જન્મ થાય છે કે પોતે સંયમ આદરીને તે સંયમ લીધા પછી છદ્મસ્થ અવસ્થામાં જે જે ઉપસર્ગ આવતા હોય તેને મેરુપર્વતની માફક નિશ્ચળ થઈ ભોગવી લે છે. ત્યાર-પછી જ્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે ત્યારે તે જ પુરુષને "**પુરુષોત્તમ**" નામથી ઓળખાય છે, અને રાગદ્વેષાદિક કર્મ શત્રુઓને જીતવાથી "**અરિહંત**" કહેવાય છે તેમજ તરવાનું સ્થાન જે તીર્થ તે સ્થાપન કરવાથી "**તીર્થંકર**" કહેવાય છે. ઐશ્વર્ય ધરાવતા દેવેંદ્ર–નરેંદ્ર પણ જેના ચરણોને સેવે છે, તેથી "**ભગ-વંત**" કહેવાય છે અને કેવળજ્ઞાનથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરી ધર્મની શરૂઆત કરનાર હોવાથી "**આદિકર**" કહેવાય છે. પોતાની મેળે બોધ પામેલા હોવાથી "**સ્વયંબુદ્ધ**" કહેવાય છે. ઉત્પન્ન થયેલા ક્રોધાદિક કષાયોનો જડમૂળથી ક્ષય કરેલ હોવાથી પુરુ-ષોને વિષે "**સિંહ**" સમાન ગણાયા છે. વળી પરિ-મિત હિતકારક સુગંધી વાકયો ફેલાવવાથી પુરુષોને વિષે "**પુંડરીક કમળ**" સમાન ગણાય છે. જેમના સુધા ને મુધા કરનારા વચનવડે સંસારમાં ભ્રમણ કરાવનારા વિષયસુખનાં વાંચ્છિત અને સ્ત્રી તથા દ્રવ્યાદિકને સંગ્રહી ગુર્વાદિકનાં નામ ધારી, ભોળા જીવોને ભરમાવવા ભૂમિમાં ભટકતા જે કુવાદીઓ છે તે જેમનું નામ સાંભળીને પોતાનો મદ દૂર કરી કાં તો ચૂપ થઇ જાય છે, અગર તેનાં ચરણ સેવીને શુદ્ધ ભાવનાથી તે જિનેંદ્રની વાણી સાંભળી, સમ્યગ-દષ્ટિ થઇ સર્વવિરતિ એટલે સાધુનાં વ્રત આદરે છે અગર ગૃહસ્થપણામાં દ્વાદશ વ્રત આદરે છે તેથી જિનેંદ્ર ભગવાનને પુરુષોને વિષે "**ગંધહસ્તી**" ની ઉપમા અપાય છે. ત્રણ લોકને વિષે પરમાર્થ દૃષ્ટિથી જોતાં જેના સમાન કોઇ ઉત્તમ પુરુષ ન દેખા-વાથી "**લોકોત્તમ**" કહી બોલાવે છે. બાળજીવો પર પણ તેનાં દુષ્કૃત્યો વિસારીને તેને સારે રસ્તે પ્રયત્ન કરવા ઉપદેશ દેવાથી "**લોકના નાથ**" તરીકે ગણેલ છે. જેમનો ઉપદેશ ભવ્ય જીવોના હૃદયમાં પ્રવેશ થતાં પરિણામે હિતકારક થવાથી તેઓને "**લોકોના હિતેચ્છુ**" એટલે હિત કરનારા તરીકે માન્યા છે. આ લોકમાં મોહને વશ થઇ અજ્ઞાન અંધકારમાં ભટકતા જીવોને અંધકારમાંથી બહાર નીકળવા ઉપદેશરૂપી પ્રકાશ કરવાથી તથા ઉદ્ભવતા પ્રશ્નોનો યથાર્થ પ્રત્યુત્તર કેવળજ્ઞાનવડે આપવાથી લોકને વિષે સૌથી "**શ્રેષ્ઠ દીપક**" તરીકે માનેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સૂર્ય-ચંદ્રનો પ્રકાશ તો બહાર થાય છે, પરંતુ હૃદયનું અજ્ઞાનરૂપી અંધારું તોડનારા તો જિનેશ્વરો જ હોવાથી તેમને " **પ્રબળ ઉદ્યોત કરનારા** " વર્ણવે છે. સર્વ જીવોને અહિંસા પરમો ધર્મનો ઉપદેશ દેવાથી વિરતિ પદ પામીને સાધુઓ સર્વ જીવોને અભયદાન આપે છે. માટે "**અભયદાયક**" એટલે પ્રાણી માત્રનો ભય દૂર કરનારા ગણાય છે. વળી ચર્મચક્ષુ જ્યાંત્યાં ફરીને પોતાનો વિષયાદિક સ્વાદ લેતાં કુમાર્ગે દોરાવા પ્રયત્ન કરતાં પોતાને જ નુકસાન કરનારો અનુભવ પરિણામે જ પામે છે, તેથી તે ચક્ષુનો સદુપયોગ કરી, સમિતિ પાળીને કે તેને અયોગ્ય સ્થળે જતાં અટકાવી ધ્યાન ધરીને ચક્ષુને સ્થિર કરવાનો ઉપદેશ આપ્યાથી તે "**ચક્ષુદાતા**" ગણાય છે. મોક્ષમાર્ગને મૂકી સંસારમાં ભ્રમણ કરવાનો કુમાર્ગ પકડી ચાલનારા ભોળા જીવોને સુમાર્ગ દીધાથી " **માર્ગ દેખાડનારા** " ગણેલા છે. તેમજ માતા, પિતા, બંધુ, મિત્ર વિગેરે સઘળાં સ્વાર્થનાં જ સગાં છે જ્યારે પરમાત્મા તો ધર્મતત્ત્વ ઓળખાવી ખઈ શરણ આપનાર હોવાથી " **શરણના દેનારા** " માન્યા છે. સંશયોનું નિરાકરણ કરવાથી તથા પૂર્વ ભવનું કે ભવિષ્યનું કે પૂર્વ કાળનું યથાયોગ્ય વર્ણન કરવાથી, ખાતરીભરેલા પુરાવાથી, માણસોના મનનું સમાધાન થતાં, તેમના વચન ઉપર પૂર્ણ શ્રદ્ધા થવાથી પોતાને સમકિત એટલે "**બોધિના દેનારા**" ગણેલા છે. દુર્ગતિમાં પડતા જીવને ધારી રાખે તે **ધર્મ** કહીએ. તેવા ધર્મને અનેક રીતે નય, પ્રમાણ, નિક્ષેપ, હેતુવડે સિદ્ધ કરી હૃદયમાં સ્થાપન કરનારા હોવાથી " **ધર્મના દાતા** " ગણેલા છે. વળી ધર્મ ચાહક જીવોને સંસારની પરિભ્રમણતાનું દુઃખ યથાર્થ સમજાવ્યાથી ફરીને તેવા ઉત્તમ કાર્યથી ભ્રષ્ટ ન થતાં તેમાં સ્થિર થાય છે; માટે તે વીતરાગ પ્રભુને " **ધર્મોપદેશક** " અને ધર્મ દેખાડનારા ગણ્યા છે. વળી કોઇપણ જીવ તેવા ધર્મથી વિમુખ ન રહે તેટલા માટે કેવળજ્ઞાન પામી કૃતકૃત્ય થવા છતાં પણ પરમાર્થવૃતિથી સર્વ ઠેકાણે વિચરી લોકોને દુઃખથી બચાવે છે માટે " **ધર્મના નાયક** " ગણેલા છે. ધર્મ પામીને પણ સંયમ વ્રત પાળતાં અસહ્ય દુઃખ આવવાથી " કાયરતા " ઉત્પન્ન થતાં પૂર્વના આવા રમ્ય સુખને યાદ કરી તેમાં જવા ચાહનારાને તેના સંસારનાં પૂર્વનાં દુઃખો યાદ કરાવી તેને ધર્મમાં સ્થિર કરવાથી " **ધર્મના સારથી** " તરીકે માન્યા છે. ચક્રવર્તી રાજા પોતાના પ્રબળ સૈન્યવડે-ચાર અંગવાળી સેનાવડે ચારે દિશામાં પ્રજાનું રક્ષણ કરે છે તેમ જિનેશ્વર ભગવાન્ દાન, શીલ, તપ, ભાવ એ ચાર અંગવાળા ધર્મવડે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાના અંગવાળું તીર્થ સ્થાપન કરી સર્વે જીવોને રક્ષણ આપે છે તેથી તે " **ધર્મચક્રવર્તી** " કહેવાય છે કે જેમનું જ્ઞાનરૂપી ભાવ ચક્ર અને ઇંદ્રોએ આગળ કરેલું ધર્મચક્ર વિશ્વમાં તેમની સાથે ફરી, ભવ્ય જીવોના હૃદયને શરણ આપી મનમાં થતી પીડાઓને શાંત કરે છે. જેમને થએલું જ્ઞાન સંપૂર્ણ હોવાથી કોઇ પણ દિવસ અજ્ઞાનતાનો ઉદય થવાનો સંભવ નથી તેમજ દર્શનાવરણીય કર્મનો કદી પણ ઉપદ્રવ ન થવાનો હોવાથી તે " **અપ્રતિહત જ્ઞાન અને દર્શનના ધરનારા** " ગણેલા છે. વળી જેમને હવે પછી શુદ્ધ આત્મરમણતામાં કદી પણ વિઘ્ન આવવાનું નથી જેથી તેમની છદ્મસ્થ અવસ્થા જે અવિરતિ દૂષણને ઉત્પન્ન કરનારી હતી તે નાશ થવાથી તેઓને "**દૂર થએલી છદ્મસ્થ અવસ્થાવાળા**" માનેલા છે. જેઓ જન્મ મરણનાં ઉત્પાદક ઘાતીકર્મને જીત્યાથી " **જિન** " તરીકે ઓળખાય છે, અને બીજા ઇચ્છા કરનારાં મનુષ્યોને પણ તેવા જિતનારા કરવાથી "**જયકર**" માનેલા છે. તે જ પ્રમાણે સંસારસાગરમાંથી દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપી રત્નત્રયી નાવવડે તરી જવાથી "**તરેલા**" અને બીજાને તેવો ઉપદેશ આપી તારવાથી "**તારક**" તરીકે વિદ્વાનો જેને સ્તવે છે.

પોતે શુદ્ધ તત્ત્વને સમજવાથી " **બુદ્ધ** " અને બોધ દેતા હોવાથી " **બોધક** " તરીકે મનાયલા છે. પોતે સંસાર પરિભ્રમણથી મુક્ત થએલા અને બીજાને મુકાવનારા હોવાથી " **મુક્ત** " અને " **મોચક** " તરીકે જનોએ વર્ણવ્યા છે. વળી સર્વને જાણનારા, સર્વને દેખનારા હોવાથી "**સર્વજ્ઞ અને સર્વદર્શી**" તરીકે મનાયા છે. વળી જેઓ નિરુપમ સ્થાન જે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



"**શિવ**" નામથી ઓળખાય છે. અને જ્યાંથી પાછા ચલાયમાન થવાનું નથી માટે "**અચળ**" તથા જ્યાં પુદ્દગલાદિક શરીરના અભાવે ન થવાથી "**અરુગ**" એટલે નિરોગી અને તે અવસ્થામાં સુખનો અંત ન હોવાથી "**અનંત**" તેમ ત્યાં કોઇ પણ વિઘ્ન કરનાર ન હોવાથી "**અવ્યાબાધ**" તેમ જ ત્યાંથી પાછા ગમન કરવાનો અભાવ હોવાથી "**અપુનરાવૃત્તિ**" અને સઘળા અર્થ ત્યાં સિદ્ધ થવાથી "**ગતિ**" એવા નામે ઓળખાતા સ્થાનને પામેલા છો. એવા જિનેશ્વરને નમસ્કાર થાઓ કે જેમણે સઘળા ભયોને જીતી લીધાં છે. આવા નમુથ્થુણં-દ્વારા ગવાતા ગુણોથી અરિહંત પ્રભુ જગદ્દવિખ્યાત છે, અને વિદ્વાન દેવો સ્વર્ગના સુખને પણ વિસારી જેની સેવા કરતા ફરી તેમના જેવી વીતરાગી અવસ્થાનું સુખ પામવા પ્રાર્થના કરે છે, જેમના પંચકલ્યાણક મહોત્સવ કરે છે, અને સામાન્ય મનુષ્યોથી તેમનું રૂપ, તેમનો સુગંધી વાસ તથા બીજા ઉત્તમ ગુણો લોકોત્તરપણું તેમનું પ્રગટ કરવા છતાં પણ વિષયવાસનાથી ભ્રમણામાં પડેલા ભોળા પ્રાણીઓને જાગૃત કરવા, તેમના ઉપર શ્રદ્ધા રખાવવા અને ત્યાં આવવા આકર્ષણ કરવા ઓગણીસ અતિશય એટલે આશ્ચર્યકારક ઋદ્ધિ તેમની આગળ દશ્યમાન કરે છે, જેમાં મુખ્ય પ્રાતિહાર્યો નીચે પ્રમાણે છે.

"**अशोकवृक्षसुरपुष्पवृष्टिः,**
**दिव्यध्वनिश्चामरमासनं च।**
**भामंडलं दुंदुभिरातपत्रं,**
**सत्प्रातिहार्याणि जिनेश्वराणां ॥१॥**"

જેના અશોકવૃક્ષને દેખવાથી ભવ્ય પ્રાણીઓના શોક દૂર થાય છે, અનાદિ કાળની દુર્ગંધને દૂર કરવા દેવતાઓની રચેલી ફૂલને પીડા ન થાય તેવી પુષ્પવૃષ્ટિ થાય છે. સર્વને પ્રભુની વાણી સંભળાય તેવો દેવતાએ નાદ પુરવાથી દિવ્યધ્વનિ થાય છે અને બંને બાજુએ ચામરો દેવાધિદેવપણું સૂચવીને દેવો વીંજે છે. રત્નમય સિંહાસન ઉપર ધર્મ નરેંદ્રપણું જેઓનું પ્રગટ કરાય છે. જેમનું અપૂર્વ તેજ બીજાને દર્શન કરતાં બાધા ન કરે માટે "તેજ"-નું મંડળ પછવાડે દેવો રાખે છે; માટે હે ભવ્યજીવો! ! તમે પ્રમાદ છોડી આ જિનરાજનું શરણ લો એવું સૂચવતું દેવવાજું તે દેવદુંદુભી તરીકે છે તે વાગતું-અવાજ કરતું નજરે પડે છે. આવી રીતે રાજાઓ પણ વીતરાગ પ્રભુના આવાગમનની ખબર પડતાં પ્રજામાં ઢંઢેરો પીટાવી તેમની સામે પરિવાર સહિત વાંદવા આવે છે જેથી જેમની પર્ષદા બાર પ્રકારની ગણાય છે. જેમાં ચાર પ્રકારનાં દેવ,–વ્યંતર, ભુવનપતિ, જ્યોતિષી, વૈમાનિક અને તેમની દેવીઓ ચાર પ્રકારની એમ આઠ દેવી પર્ષદા તથા ચાર માનુષી પર્ષદા જેમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સમુદાય. તે વંદન–નમસ્કાર કરીને યથાયોગ્ય સ્થાનકે ઉપદેશ સાંભળવા બેસે છે. કેટલાક અમૃતમય દેશના શ્રવણ કરી પોતાના આત્માને સંતુષ્ટ પમાડે છે ને કેટલાક ફરી જન્મ મળ્યો તેમ જાણે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "મૃત્યુ એટલે ? મુક્તિ : પરમ સુખ"

લેખક : આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ

આપણે મૃત્યુનો શા માટે ભય રાખવો જોઇએ? જગતમાં સર્વોત્કૃષ્ટ વસ્તુ મૃત્યુ છે, અને તે આત્માને માટે તો અત્યંત ઉપયોગી છે. વિકૃતિનું વિનાશક મૃત્યુ છે. જગતમાં જીવતો શત્રુ જન્મ છે પણ મૃત્યુ નથી. જન્મ ધારણ કરતી વખતે અત્યંત દિલગીર થવું જોઇએ. જન્મ થવાથી ઘણું ઘણું નુકસાન થાય છે. વસ્તુનો વિનાશ જન્મ થવાથી જ થાય છે. જન્મ એટલે શુદ્ધ વસ્તુમાં વિકૃતિ, શુદ્ધ વસ્તુનો વિનાશ અને મૃત્યુ એટલે મૂળ અવસ્થાને પ્રાપ્ત થવું–વસ્તુની શુદ્ધ અવસ્થા પ્રગટ થવી. એક મોટું જળાશય હોય તેમાં પરપોટા પ્રગટ થાય છે તે એક પ્રકારનો જન્મ છે, તે પાણીને વિકૃત અવસ્થામાં ઉત્પન્ન કરે છે અને તેનું મૃત્યુ થાય છે, પરપોટા ફુટી જાય છે તે પાણીની શુદ્ધ અવસ્થા છે. એક વૃક્ષનું બીજ હોય તેને સંયોગો મળવાથી ઊગે છે એટલે વૃક્ષનો જન્મ થાય છે તે એક પ્રકારની બીજમાં વિકૃતિ થાય છે. બીજનો વિનાશ થાય છે અને જ્યારે વૃક્ષનું મૃત્યુ થાય છે ત્યારે પાછું બીજરૂપે પ્રગટે છે. માટીના વાસણો, પુતળાં, નળીઆં, ઇંટો વિગેરે માટીનાં વિકારો છે. માટીમાં મૂળ સ્વરૂપનો વિનાશ છે. જ્યારે વાસણોનો વિનાશ થાય છે, મૃત્યુ થાય છે ત્યારે માટી મૂળ સ્વરૂપમાં આવી જાય છે. સોનાની લગડી તે મૂળ વસ્તુ છે અને તેના કંકણ, કુંડલ કે કડાં બનાવવાં એટલે સોનામાંથી ઘરેણાંનો જન્મ થવો તે વિકૃતિ છે. પાછાં તે જ કંકણ, કડાં આદિ ઘરેણાંનો વિનાશ-મૃત્યુ તે સુવર્ણની શુદ્ધ અવસ્થા છે, મૂળ સ્વરૂપ છે. 'પ્રકૃતિનો વિનાશ તે જન્મ અને વિકૃતિનો વિનાશ તે મૃત્યુ' અર્થાત્ જન્મ તે વિકૃતિ અને મૃત્યુ તે પ્રકૃતિ. જન્મ અનેક રૂપે થાય છે, પણ મૃત્યુ એક જ રૂપે થાય છે. જ્ઞાનની ખામીને લઇને જીવો વિકૃતિ અવસ્થામાં રાજી થાય છે અને પ્રકૃતિ અવસ્થામાં શોક કરે છે. જન્મ જે અત્યંત અહિતકર અને અશ્રેય કરનાર છે તેને હિતકર તથા શ્રેયસ્કર માને છે અને મૃત્યુ જે હિતકર તેમજ શ્રેયસ્કર છે તેને અહિતકર તથા અશ્રેયસ્કર માને છે. જન્મથી નિર્ભય રહેવું અને મૃત્યુથી બ્હીવું એવો અનાદિ કાળથી જીવોનો સ્વભાવ પડી ગયો છે. જન્મ છે તેનું મૃત્યુ પણ અવશ્ય છે જ. જન્મના અભાવથી મૃત્યુનો અભાવ થાય છે, માટે મૃત્યુનો ભય ટાળવો હોય તો જન્મનું મૂળ નષ્ટ કરવું જોઇએ. મૃત્યુથી ન બ્હીતાં ફરીને મૃત્યુ ન આવે તેવો પ્રયત્ન કરવો જોઇએ, એટલે કર્મની નિર્જરા કરવી–કર્મરૂપે વિકૃત થએલા જડના–પુદ્ગલના સ્કંધોનું આત્મપ્રદેશોથી છૂટા પડી જવું. મૃત્યુથી આત્મા શુદ્ધ થાય છે. આત્મા વિકૃત સ્વરૂપમાંથી બદલાઇને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકૃત-મૂળ સ્વરૂપમાં આવી જાય છે. ફરીને જન્મ ધારણ કરવાવાળું મૃત્યુ અને ફરીને ન જન્મ પામવારૂપ મૃત્યુ : આ પ્રમાણે બે પ્રકારના મૃત્યુમાંથી ફરી ન જન્મ પામવારૂપ મૃત્યુ અતિ ઉત્તમ છે. એવા મૃત્યુની હમેશાં ચાહના રાખવી જોઇએ. ફરીને જન્મ આપનાર મૃત્યુ હલકું છે, છતાં ઉત્તમ મૃત્યુનું સાધન હોવાથી તેનાથી ભય ન રાખતાં ઉત્તમ મૃત્યુ મેળવવા હમેશાં ખુશીથી તેને સહયોગ આપવો જોઇએ. દુઃખથી રીબાતા માનવીએ મૃત્યુ માગે છે, મૃત્યુ થવાથી દુઃખમુક્ત થવાય છે, એ માન્યતા અમુક અંશે સાચી છે; પણ તે અપુનર્જન્મા મૃત્યુ હોવું જોઇએ. પુનર્જન્મા મૃત્યુથી તાત્કાલિક દુઃખોના ધ્વંસ થાય છે, પણ નૂતન જન્મથી નૂતન દુઃખોના જન્મ થાય છે. મૃત્યુ એટલે અનંત દુઃખોની ભાવશૂન્યતા અથવા તો સંપૂર્ણ દુઃખના વિસ્મૃતાવસ્થા. અપુનર્જન્મા મૃત્યુમાં સમગ્ર દુઃખોની સંપૂર્ણ વિસ્મૃતિ, અશેષ દુઃખોનું સંપૂર્ણ વિસ્મરણ તે જ પરમ શાંતાવસ્થા છે, અવિચળ નીરની જેમ શુદ્ધાવસ્થા છે. ક્રિયામાત્ર દુઃખ-ધ્વંસ માટે કરાય છે, પણ તે વિસદૃશ ક્રિયાઓ વિસદૃશ દુઃખને ઉત્પન્ન કરે છે. પૂર્વ દુઃખની તીવ્રતા અપર ક્રિયાથી નષ્ટ થાય છે, અને અપર ક્રિયાથી નૂતન દુઃખ ઉત્પન્ન થાય છે. પ્રારંભે મંદ હોવાથી સુખ રૂપે અનુભવાય છે, પણ પ્રત્યેક પળે દુઃખની વૃદ્ધિ થતી હોવાથી તેના ધ્વંસ માટે અપર ક્રિયા કરવી પડે છે. જેમકે આપણે ચાલતા હોઇએ ત્યારે આપણને જે પરિશ્રમથી વેદના થાય છે તેને નષ્ટ કરવાને આપણે બેસી જઇએ છીએ. બેસવાથી ચાલવાનો પરિશ્રમ મટે છે, પણ બેસવાથી અન્ય વેદના ઉત્પન્ન થાય છે, શરીર અકડાઇ જાય છે તે મટાડવાને સૂઇ જઈએ છીએ, પણ અમુક વખત સૂતા પછી વાસાં દુખવા આવી જાય છે, એટલે પાછા બેસી જઇએ છીએ. પુનઃ તે જ વેદના થાય છે, એટલે પાછા આમ તેમ આંટા મારીએ છીએ. આવી જ રીતે ક્રિયામાત્રમાં નૂતન ક્રિયાની શરૂઆતમાં પૂર્વોત્પન્ન દુઃખ, ધ્વંસ અને નૂતન દુઃખની ઉત્પત્તિ થાય છે.

ઘડીઆળને ચાવી આપીએ ત્યારે તેની કમાન સંકોચાઇ જાય છે, તે સંકોચાએલી કમાનનો એકેક આંટો ઊકલતો જાય છે તે મૃત્યુ છે. સંપૂર્ણ આંટા ઊકલી જવાથી ઘડીઆળ સ્થિર થઇ જાય છે, તે તેની પરમ શાંતાવસ્થા છે, ફરીને ચાવી આપવી તે પુનર્જન્મ છે.

મૃત્યુની ઓથમાં વિશુદ્ધિ છે. જન્મ અશુદ્ધિ ઉત્પાદક અને મૃત્યુ વિશુદ્ધિનું ઉત્પાદક છે. જન્મથી શુદ્ધ વસ્તુ અશુદ્ધ થઇ જાય છે. અન્ય વિજાતીય વસ્તુનું મિશ્રણ સિવાય જન્મ થતો નથી, અને વિજાતીય વસ્તુનું મિશ્રણ તે જ અશુદ્ધિ. મિશ્રણનો પૃથક્ભાવ તે મૃત્યુ, પૃથક્ભાવ તે જ શુદ્ધિ. મૃત્યુ સિવાય શુદ્ધિ નથી. મૃત્યુઓની સીમા તે મુક્તિ. જે મૃત્યુને પુનર્મૃત્યુની આવશ્યકતા નથી તે જ મૃત્યુની સીમા : તે જ મુક્તિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભયંકર નૃપનું અદ્‌ભુત ચરિત્ર

સં. ગાંધી.

**પશ્ચિમ** મહાવિદેહની **પુષ્કલાવતી** નામની વિજયમાં પૃથ્વીના આભૂષણરૂપ **પુંડરીકિણી** નામની નગરી છે. તે નગરીમાં જગતનું કલ્યાણ કરનાર **ક્ષેમંકર** નામનો રાજા હતો અને તેની **અમરસેના** નામની પટરાણી હતી. એકદા મધ્યરાત્રિને સમયે તે રાણીએ બધા ગ્રહોને અનુકૂળ શુભ મુહૂર્ત્તમાં ચૌદ મહાસ્વમથી સૂચિત મહાસમૃદ્ધિશાળી, દેવપૂજા, દયા, દાન અને ગરીબ લોકોનો ઉદ્ધાર કરવાના દોહદોવડે પ્રગટ ગુણવાળા અનુપમ પુત્રરત્નને જન્મ આપ્યો. અત્યંત હર્ષને કારણે રાજાએ પુત્રજન્મોત્સવ કર્યો અને યોગ્ય સમયે તેનું **અભયંકર** એવું નામ પાડ્યું. દિવસે દિવસે વૃદ્ધિ પામતો તે કળાસંપન્ન કુમાર બધી કળાઓને શીખતો પૂર્ણિમાના ચંદ્રની ઉપમાને પામ્યો. એટલે પૂર્ણિમાને દિવસે જેમ ચંદ્ર સંપૂર્ણ કળાવાળો બને તેમ તે કુમાર પણ સર્વ કળાવાન બન્યો. એકદા રાત્રિના પાછલા પહોરે જાગૃત થયેલ તે રાજકુમારે અચાનક પોતાને કોઇ એક વનમાં રહેલો જોયો. "તે આ નગર નથી, તે આ ઘર નથી, તે આ દુનિયા નથી; તેમજ આ પૃથ્વી પણ તે નથી. પૂર્વે કદી નહીં જોયેલ એવો આ કોઇ અપૂર્વ પ્રદેશ જણાય છે. શું આ ઇંદ્રજાળ છે? શું આ સ્વમ છે? શું મારો મતિભ્રમ છે?" આમ અનેક પ્રકારના સંકલ્પવિકલ્પોથી તેનું મન વ્યગ્ર બન્યું. આવા પ્રકારનો જેવો તે વિચાર કરે છે તેવામાં કોઇ એક વિનયી અને દિવ્ય રૂપધારી પુરુષ કુમાર પ્રત્યે નિર્મળ હાસ્યવાળી વાણી બોલ્યો કે-' હે ધીર પુરુષ! તું આશ્ચર્ય પામીશ નહિ. મેં તારું અપહરણ કર્યું છે અને તેમ કરવાનું કારણ પ્રાતઃકાળ થતાં જ તારી જાણમાં આવશે." આ પ્રમાણે સાંભળીને જેવામાં કુમાર કંઇ પણ બોલવા જાય છે તેટલામાં તો તે દિવ્ય પુરુષ ક્ષણમાત્રમાં અંતર્ધ્યાન થઇ ગયો. "આ શું?" એમ આશ્ચર્ય પામેલ; અને ત્યાં જ રહેલા તે રાજકુમારની રાત્રિ નિમેષ માત્રમાં વ્યતીત થઇ ગઇ.

ત્યારબાદ હર્ષથી પ્રફુલ્લિત નેત્રવાળો, કૌતુક જોવાની ઇચ્છાવાળો તે કુમાર ત્યાંથી ઊઠીને વનશોભા જોવા લાગ્યો. મોટા ઘેરાવાવાળા ઝાડોથી દિશાને ઢાંકી દેતું તે વન, સૂર્યના ભયને લઇને જાણે અંધકારે અહીં જ સ્થાન કર્યું હોય (આશરો લીધો હોય) તેવું લાગ્યું એટલે કે તે વન એટલી ગીચ ઝાડીવાળું હતું કે સૂર્ય-કિરણનો પ્રવેશ પણ થઇ શકતો ન હતો. મોટા મોટા પર્વતો અને દોરી જેવા આકારવાળા (નાના) ઝરણાઓથી કામદેવની છાવણીરૂપ તે વને કુમારનું ચિત્ત હરી લીધું. અપ્સરાઓથી ઉપભોગ કરાયેલ કુંજોવાળું તે વન જોતાં જોતાં તેણે નિર્મળ માનસ સરોવર જોયું. સુવર્ણ કમળોથી શોભતા તે સરોવરને જોઇને કુમારે તેને, સમાઇ ગયા છે મુખરૂપી કમળો જેમાં એવી દિશારૂપી સ્ત્રીઓનું દર્પણ માન્યું. ત્યારબાદ પવનથી ડોલતા કમળોવાળા સરોવરના પાણીમાં સ્નાનાદિ પવિત્ર ક્રિયા કરીને ફરી વાર તે જંગલમાં ફરવા લાગ્યો. આગળ ચાલતાં ચાલતાં તેણે વંદનને યોગ્ય, જોવા લાયક, સુવર્ણમય કોઇ એક ઊંચો મહેલ જોયો. અતિ આશ્ચર્યથી પ્રગટેલ આનંદવડે પ્રોત્સાહિત થએલ તે કુમાર તેના પહેલે માળે ગયો. અનુક્રમે મહેલની સુંદરતા જોતો જોતો તે નિષ્કપટી કુમાર સૌથી ઉપલે માળે ગયો. ત્યાં જઇને તેણે પોતાની સમક્ષ દિવ્ય આકૃતિવાળા, યોગને લગતા વસ્ત્રોથી ચોતરફ વીંટળાએલા, અક્ષમાળાથી પવિત્ર, આત્મનિરીક્ષણ કરતાં, પવન-રોધ કરનાર, જાણે સાક્ષાત્ યોગે જ શરીર ધારણ ન કર્યું હોય તેમ શરીરધારી યોગસ્વરૂપ જેવા એક યોગી મહાત્માને જોયા. રાજકુમાર પ્રણામ કરીને બેઠો એટલે સમાધિ ઉતારીને તે યોગીન્દ્ર અમૃત સરખી વાણી બોલ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કે–" હે ભાગ્યશાળી રાજપુત્ર અભયંકર ! તું ભલે આવ્યો. હે વિનયશાળી ! કલ્યાણને માટે જ તને અહીં લાવવામાં આવ્યો છે." ત્યારે કુંવર પણ બોલ્યો કે–" હે પૂજ્ય! આપના દર્શનથી મારું આગમન અત્યારે સાર્થક થયું છે, કારણ કે **મહાત્મા પુરુષના દર્શનવડે જ પ્રાણીઓનો જન્મ પવિત્ર ગણાય છે."** કુમાર આ પ્રમાણે બોલી રહ્યો હતો તેટલામાં તે આનંદમગ્ન યોગીએ સમાધિ ચઢાવી. પછી તરત જ મનુષ્યને અપ્રાપ્ય એવી રસવતી શોભતા સોનાના થાળોમાં આકાશમાર્ગે તેની સમક્ષ હાજર થઇ, એટલે તે યોગીશ્વરે કુમારને કહ્યું કે–'હે કુમાર ! તું મારો અતિથિ છો, માટે ભોજન કર." બાદ તે બંને આગળ ઇચ્છિત ભોજનસામગ્રીથી પરિપૂર્ણ એક-એક સોનાનો થાળ હાજર થઇ ગયો. તે બંનેએ ભોજન કરી લીધા પછી આકાશમાંથી શીતળ પાણી પણ આવ્યું અને તે વડે આચમન કરીને બંને ઊભા થયા. પછી તે યોગીપુરુષના હુંકાર માત્રથી તે રસવતીની સામગ્રી જેમ આવી હતી તેમ પાછી ચાલી ગઇ. ત્યારપછી ચંદન, અગરુ ને કપૂરથી પૂર્ણ સુગંધીવાળું તાંબૂલ તે બંનેના હાથમાં સ્વયમેવ આવી પડ્યું. બાદ યોગ્ય સ્થાનમાં સુખપૂર્વક આરામ લેતા તે બંનેની આગળ વેણુ, વીણાના અવાજથી રમણીય, તેમજ **સ્થાન, માન, થાત, ગ્રામ ને ત્રણ પ્રકારના લયથી** મનોહર, કર્ણપ્રિય એવું દિવ્ય સંગીત શરૂ થયું. આ પ્રમાણે વિનોદથી હરણ કરાયેલ મનવાળા તે કુમારના ઉનાળાના દિવસ લાંબો હોવા છતાં પણ એક ક્ષણમાત્રમાં પસાર થઇ ગયો.

તે સમયે તેજપુંજ પ્રસરાવતો સૂર્ય અસ્ત થયો અને ભટકતા ગજરાજો સરખા અંધકાર આકાશરૂપી વનમાં ફેલાઇ ગયા. વળી તે સમય પોતાની રાત્રિરૂપી સ્ત્રીના અંધકારરૂપી કંચુઓ (ચોળી) દૂર કરીને પોતાના કિરણરૂપી હસ્તથી તેના મુખને ઉજ્જ્વળ કરતો રાત્રિના ધણી–ચંદ્ર પણ ઉદય પામ્યો. ત્યારબાદ સંતુષ્ટ ચિત્તવાળા યોગીશ્વરે જગતમાં અદ્ભુત પરાક્રમી તે પવિત્ર રાજકુમારને ઉદ્દેશીને કહ્યું કે—"હે રાજપુત્ર ! મારી પાસે સેંકડો નિર્દોષ પવિત્ર વિદ્યાઓ છે અને તેમાંની કેટલીક વિદ્યાઓ યોગ્ય પાત્રોને મેં આપી છે, પરંતુ **ખડ્ગસિદ્ધિ** નામની વિદ્યા યોગ્ય પાત્રના અભાવે હજુ મારી પાસે જ રહેલી છે. આ વિદ્યાના સ્મરણ માત્રથી મનુષ્ય રણભૂમિમાં લાખો શત્રુઓના સમૂહને જીતવા સમર્થ બને છે. વિદ્યાને પ્રાપ્ત કરીને જે કોઇ પુરુષ શંકાને લીધે બીજાને તે શીખવતો નથી તો તે વિદ્યાનો વિચ્છેદ કરવારૂપ પાપનો ભાગી બને છે, પણ જો કોઇ યોગ્ય પાત્ર ન મળે તો તે વિદ્યાનો નાશ થવા દેવો એ વધુ ઉત્તમ છે એમ મારું માનવું છે. જો હું કોઇને વિદ્યા આપતો નથી તો હું દેવાદાર રહું છું અને જો અયોગ્ય પાત્રને તે વિદ્યા સમર્પું તો તે સમર્પણ વિદ્યા–વિનાશના કારણભૂત બને છે. વળી મારું આયુષ્ય અલ્પ છે એટલે **"એક તરફ વાઘ અને બીજી તરફ નદી"** એવી સ્થિતિમાં જેવામાં હું કર્ત્તવ્યવિમૂઢ બન્યો હતો તેવામાં સાક્ષાત્ વિદ્યાદેવીએ જ આવીને મને પ્રેમપૂર્વક જણાવ્યું કે–'હે વત્સ! તું ચિંતા ન કર. ગુણસમૂહના મનોહર મંદિરરૂપ કોઇ એક યોગ્ય પુરુષને આ જ સવારમાં હું અહીં લાવીશ. ત્રણ જગતના આભૂષણરૂપ તે અદ્ભુત પુરુષને વિષે મારું આરોપણ કરીને, તારા શરીરનો ત્યાગ કરીને તું સુખી થજે.' પછી તે વિદ્યાદેવીથી પોતાના સેવકદ્વારા તું અહીં અણાયો છે, માટે વિદ્યાને ગ્રહણ કર." ત્યારે કુમારે જણાવ્યું કે–"હે પ્રાજ્ઞશિરોમણિ ! આપના ચરણકમળના દર્શન માત્રથી જ હું કૃતકૃત્ય થયો છું. હવે મારે તે વિદ્યાપ્રાપ્તિની શી જરૂરિયાત છે? કારણ કે મહાત્મા પુરુષોનું દર્શન જ મોક્ષમંદિરના પગથિયારૂપ, લક્ષ્મીને વશ કરવામાં કારણભૂત અને કલ્યાણરૂપી સંપત્તિઓના અરિસા તુલ્ય છે." એટલે યોગિરાજે કહ્યું કે–"હે ભદ્ર ! જગતનું કલ્યાણ કરનારા લક્ષ્મીસંપન્ન તમારા જેવા પુરુષો આ પૃથ્વી પર ખરેખર કલ્પવૃક્ષ જેવા છે, તો પણ મારી વિદ્યા સ્વીકાર, મારા ઉપર રહેલા ગુરુ-ઋણને કાપી નાખતો (નાખીને) તું મારો ઉપકારી થા." એમ કહીને કુમારના સત્ત્વથી રંજિત થયેલા યોગીએ ખડ્ગસિદ્ધિ નામની વિદ્યા આપીને તે કુમારને તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતાની પાસે પહોંચાડ્યો. અકસ્માત્ પોતાના પુત્રને આવેલો જોઇને રાજાએ સ્વનગરમાં મોટો મહોત્સવ કરાવ્યો.

બાદ પોતાના પૂર્વજોનાં પગલે ચાલવાને ઇચ્છતા ક્ષેમંકર નૃપે અભયંકર કુમારને રાજ્ય સ્વીકારવા આગ્રહ કર્યો એટલે કુમાર બોલ્યો કે–" હે પિતાજી! મહાપાપના હેતુભૂત સામ્રાજ્યને હું ઇચ્છતો નથી. મને તો ફક્ત આપની સેવા કરવાનો જ મનોરથ છે. પિતાની સમક્ષ સેવક થઇને રહેતા મને પરિશ્રમજન્ય થતાં પરસેવાના બિંદુઓ બહુ જ પ્રિય છે, પણ તમારી ગેરહાજરીમાં મસ્તક પર રહેતી મુક્તાફળની માળા મને પસંદ નથી." આ પ્રમાણે પુત્રની અનિચ્છા છતાં પણ ક્ષેમંકર ભૂપે મહાન્ અભિષેકપૂર્વક તેને સામ્રાજ્ય સોંપ્યું ને પોતે આર્હતી દીક્ષા સ્વીકારી.

અભયંકરે પૃથ્વીનું પાલન કરવા માડયું. રાજ્યકારભારની ધોંસરીને વહન કરતાં તે ન્યાયી રાજાએ પોતાની સંતતિની માફક પ્રજાને સંતોષ પમાડી. સર્વત્ર ઉપકાર કરતાં કલ્પવૃક્ષ સમાન તે અભયંકર ભૂપાળની યશરૂપી ફૂલની સુગંધી દશે દિશામાં ફેલાઇ ગઇ.

એકદા ધર્માસન પર બેઠેલા અભયંકર નૃપની સભામાં આવીને પ્રતિહારીએ વિનંતિ કરી કે–" હે પ્રભો ! અલ્પ પરિવારવાળો ને સિંહ જેવો પ્રરાક્રમી પુષ્પપુર નગરીનો સ્વામી **નૃસિંહ** રાજા આપના દર્શનને ઇચ્છે છે." એટલે રાજાએ આજ્ઞા કરતાં પ્રતિહારીએ તેને પ્રવેશ કરાવ્યો ત્યારે નજીકના આસન પર બેઠેલા તે નૃસિંહ રાજાએ વિવેકપૂર્વક આ પ્રમાણે કહ્યું–" દુઃખરૂપી ધામથી અકળાઇ ગયેલા વિશ્વને ( ૧ ) પુષ્કરાવર્ત મેઘ અને ( ૨ ) અસાધારણ મહત્તાવાળો સજ્જન પુરુષ–આ બે જ વસ્તુ શાંત કરનાર છે. દુશ્મનથી પરાભવ પામેલ હું, ચંદ્ર જેમ અરુણનો આશ્રય લે તેમ, પૃથ્વીતલને પોષનાર ને જગતના જીવોના મિત્ર સમાન આપને શરણે આવ્યો છું. બળવાન, કપટી અને નિષ્કારણ વૈરી તગરાનગરીના રાજાએ યુદ્ધ કરીને મારું રાજ્ય પડાવી લીધું છે, તેથી હે પૃથ્વીનાથ ! આપની ખડ્ગવિદ્યાના દાનરૂપી મદદથી હું મારી રાજ્યલક્ષ્મી પાછી મેળવું એમ કરો." આ પ્રમાણે પ્રાર્થના કરાએલ અભયંકર રાજાએ તેની માગણીનો સ્વીકાર કરીને આતિથ્યસત્કાર માટે તે નૃસિંહ રાજાને પોતાના પ્રતિહારી સાથે વિદાય કર્યો. તેના ગયા પછી સુમતિ નામનો મંત્રી બોલ્યો કે–" હે નિષ્પાપ રાજા ! નીતિશાસ્ત્રો સ્વચ્છંદ આચરણનો નિષેધ કરે છે તો તેવી વસ્તુનો આપ આદર કેમ કરો છો ? મદદ માગતા તે નૃસિંહ રાજાને ખડ્ગસિદ્ધિ વિદ્યા આપી દેવી યોગ્ય નથી. શું ફળ–ફૂલના ઇચ્છકને માળી આખો બગીચો આપે છે ? માટે હે સ્વામિન્ ! આપણા આંગણે આવેલ તેને ચતુરંગી સેના, દેશ ને દ્રવ્ય–ભંડાર આદિથી સંતુષ્ટ કરો." એટલે જવાબમાં રાજાએ કહ્યું કે–"હે મંત્રીશ્વર ! તારું કહેવું યુક્ત છે, પરંતુ વંધ્યા સ્ત્રી જેવી કળાઓ નિષ્ફળ છે કે જેનું ફળ પરોપકાર નથી, એટલે કે પરોપકારવિહુણી વિદ્યાનો કશો લાભ નથી. આ જગતમાં પોતાનું પેટ ભરનાર પુષ્કળ પ્રાણીઓ શું જન્મતા નથી ? પરંતુ જેની ઋદ્ધિ–સિદ્ધિ પરોપકાર માટે થાય છે તે જ ખરેખર જન્મેલો છે અને તે જ ખરેખર જીવી રહ્યો છે. સુપાત્રને આપેલી વિદ્યા અને યોગ્ય ક્ષેત્રમાં વાવેલ વેલ અચિંત્ય ને અદ્દભુત ફળ આપે છે. સંપૂર્ણ કલાવાન ચંદ્ર ગર્વ કરે છે, તે તો યોગ્ય જ છે, કેમકે સ્વકલાદાનથી દેવોને પ્રમોદ ઉપજાવનાર તે કલાથી ક્ષીણ થવા છતાં પણ પૂજાય છે." આ પ્રમાણે મંત્રીને સમજાવીને અભયંકર ભૂપાળે શુભ મુહૂર્તમાં નૃસિંહ રાજાને ખડ્ગસિદ્ધ નામની પોતાની વિદ્યા અર્પણ કરી.

પછી પરાક્રમી સૈન્ય–સહાયવાળા અને તેજસ્વી નૃસિંહ રાજાએ જેનો વૈભવ હરી લીધો છે અને **પ્રભુ, મંત્રી** અને **ઉત્સાહ** એ નામની ત્રણ શક્તિ જેની નાશ પામી છે તેવો તે તગરાનગરીનો રાજા પોતાના નસીબની વિચિત્રતા સંબંધે વિચાર કરવા લાગ્યો કે--"મેં આવું કદાપિ ધાર્યું ન હતું. બંને રાજ્યથી ભ્રષ્ટ થયેલ અને દુઃખાવસ્થામાં આવી પડેલ હું હવે શું કરું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા તો જેની સલાહથી નૃસિંહ રાજાએ સ્વરાજ્ય હસ્તગત કર્યું તે અભયંકર ભૂપાળને શરણે જાઉં; કારણ કે **"અગ્નિથી દાઝેલાને અગ્નિ જ ઔષધરૂપ છે."** વિચક્ષણ તે રાજાએ ઉપર પ્રમાણે નિર્ણય કરીને, પુંડરીકિણી નગરીને વિષે આવીને, રાજાને નમીને વિજ્ઞપ્તિ કરી કે—"હે રાજન! કીડો નામમાત્રથી ઇંદ્રગોપક કહેવાય છે પણ તમે તો નામ અને કાર્ય બંને રીતે અભય કરનારા છો. [સંસ્કૃતમાં કીડાને ઇંદ્રગોપક કહેવામાં આવે છે પણ તે ઇંદ્રનું રક્ષણ કરવાને સ્હેજ પણ શક્તિમાન નથી, પરંતુ તમે તો નામ અને કાર્યથી પણ સાર્થક છો, કારણ કે તમારું નામ અભયંકર છે અને કર્મ–કાર્યથી પણ તમે અભયંકર–અભય કરનાર છો] જેનાથી યાચકવર્ગના મનોરથો સિધ્ધ થાય તેવા પુરુષરત્નવડે જ કરીને આ પૃથ્વી" बहुरत्ना वसुंधरा " કહેવાય છે, તો હે રાજન! આપ નિષ્કપટી-નિષ્પાપી છો છતાં પણ હું સ્નેહને લઇને આપને ઠપકો આપું છું. આપની મહેરબાનીથી ગર્વિષ્ઠ થયેલ નૃસિંહ રાજાએ જેનું રાજ્ય ખુંચવી લીધું છે તેવો હું તગરાનગરીનો **ઘનવાહન** નામનો રાજા છું. કુમુદ–પોયણાની લક્ષ્મી હરી લઇને સૂર્ય કમળને આપે છે, પણ પછી પાછો ચંદ્રનો ઉદય થતાં તેનો નિરાસ કરે છે. [ કુમુદ એ ચંદ્રવિકાસી અને કમળ એ સૂર્યવિકાસી પુષ્પ છે. સૂર્ય ઉદય પામતાં કુમુદ કરમાઇ જાય છે અને કમળ વિકસ્વર થાય છે, પણ સૂર્યાસ્ત પછી પાછો ચંદ્રોદય થતાં કમળ કરમાઇ જાય છે અને કરમાયેલ કુમુદ પાછું વિકસ્વર બને છે ] તેવી રીતે મારું રાજ્ય ખેંચી લઇ નૃસિંહ રાજાને અર્પણ કરતાં આપના વડે તો ચંદ્ર અને સૂર્ય બંનેનું ઉત્કૃષ્ટ સ્વરૂપ જીવનમાં જીવી બતાવાયું છે. ડાબા તથા જમણા નેત્રની વચ્ચે રહેલી નાસિકા બંને બાજુ સરખી છે તેમ જગતમાં આધારસ્તંભ સંતપુરુષો પોતામાં અને અન્યમાં ખરેખર સમાન બુધ્ધિવાળા હોય છે. દુઃખીજનો ઉપર ઉપકાર કરવાને માટે જ દીર્ઘદર્શી વિધાતાએ તમારા જેવાની અને મેઘની ઉત્પત્તિ કરી છે, તો હે રાજેંદ્ર! મારા પર સ્નેહભાવ લાવીને મારું રાજ્યભ્રષ્ટ થવારૂપી સંકટ દૂર કરવું જોઇએ." એટલે શરમથી નીચું જોઇ ગયેલ રાજા બોલ્યો કે-"રાજન! દૂર રહેલા મારાથી જે કંઇ થઇ ગયું તે તું સહન કર. હે મિત્ર! મારી પ્રાર્થનાથી દેશ, ભંડાર અને લશ્કર યુક્ત મારા આ સામ્રાજ્યની લગામ હાથમાં લઇને તું સુખી થા." આમ બોલીને જેવામાં અભંયકર નૃપતિ તેનો અભિષેક કરવાનો હુકમ આપે છે તેવામાં સુમતિ મંત્રી કંઇક ઠપકા સહિત બોલી ઊઠયોઃ "હે પ્રભો! વારંવાર આવા અણવિચાર્યા પગલાથી શું? પ્રાણોને ભોગે જે રાજ્ય–સમૃધ્ધિ પ્રાપ્ત થાય તેવું સામ્રાજ્ય આમ એકદમ શું ત્યજવા યોગ્ય ગણાય? શરણાગતને પ્રેમપાત્ર તે રાજપુત્રને અમુક વિભાગ કે દેશ આપવો ઉચિત છે. વળી સમગ્ર રાજ્યનો ત્યાગ કરીને માત્ર શરીરધારી તમે સ્વજન યા સ્ત્રીવર્ગને પોતાનું મુખ કેવી રીતે દેખાડી શકશો? જ્યાં સુધી રાજ્યલક્ષ્મી સ્થિર રહેલી છે ત્યાંસુધી જ તમો રાજા છો. જ્યારે તે ચપળા લક્ષ્મી ચાલી જશે ત્યારે તમો પણ મનુષ્યના પાળા-સેવકરૂપ થઇ જશો. મૃત્યુ પામેલ માણસને સ્વજનો પોતાની કાંધે ચડાવે છે, પરંતુ દરિદ્રી અવસ્થામાં સગો ભાઇ પણ તેવા માણસને તજી દે છે. સંપત્તિશાળી લોકોના ગુણો જનતાને ખુશ કરનાર બને છે જ્યારે દરિદ્રીના ગુણો દુનિયાને દુખ ઉપજાવે છે." ત્યારે રાજાએ કહ્યું કે–'હે મંત્રીશ્વર! તારું કહેવું સમયોચિત છે, પરંતુ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિવડે તું તેનો વિચાર કર–પૃથક્કરણ કર. લક્ષ્મીના અગર તો પોતાના નાશ સમયે જે (રાજ્ય) અવશ્ય નાશ પામવાનું છે તો તે લક્ષ્મીના પાશમાં-જાળમાં ડાહ્યા માણસો શા માટે ફસાય? હું આ પૃથ્વીરૂપી સ્ત્રીનો ધણી છું અગર તો આ પૃથ્વી મારી જ છે, એવું અભિમાન રાખનાર મનુષ્યો, ભોગી પુરુષો જેમ વેશ્યાથી ઠગાય છે તેમ આ પૃથ્વીરૂપી સ્ત્રીથી શું છેતરાતા નથી? મહાત્મા પુરુષો તો ભોજનની પાતળ જેમ આ પૃથ્વીનો ભોગવટો કરીને ત્યજી દે છે જ્યારે શ્વાન જેવા આસક્ત નાના રાજાઓ માંહેમાંહે વિગ્રહ કરીને તે સ્વીકારે છે. જે માણસ પોતાની સુકૃતની લક્ષ્મી સત્પાત્રમાં જોડતો નથી–સુપાત્રે દાન આપતો નથી તે વિદ્વાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોવા છતાં પણ એક ખેડૂત કરતાં અધિક મૂર્ખ છે. ખેડૂતે ખેતરમાં અનાજના બીયા વાવીને વધારવા જોઇએ પણ પછી જો તેનો ઘરમાં સંગ્રહ ન કરે તો તે મૂળભૂત બીજનો પણ નાશ થાય છે. જે મનુષ્ય પાસેથી ભગ્ન મનોરથવાળા લોકો નિઃશ્વાસ નાખીને પાછા ફરે છે તે પુરુષનો વૈભવ વડલા ને ધૂર્ત પુરુષ જેવો છે અર્થાત્ નિરર્થક છે. તજી દીધેલી લક્ષ્મી પણ સુભાગ્યને કારણે ઘરમાં પાછી આવે છે જ્યારે દુર્ભાગ્યને વશ પડેલી લક્ષ્મી ઘરમાંથી પણ ચાલી જાય છે, તો હે મંત્રી ! રાજ્યરૂપી વૃક્ષના મૂળિયા સમાન લક્ષ્મીને વશ કરવામાં વશીકરણ સમાન ભાગ્યને અનુસરતા મને તું રોક નહિં." આ પ્રમાણે મંત્રીને સમજાવીને અભયંકર રાજાએ મેઘવાહન(ધનવાહન)-ને સિંહાસન પર બેસાડીને તરત જ અભિષેક કર્યો. પોતાની પ્રિય પુત્રીની જેવી રાજ્યલક્ષ્મી મેઘવાહન-ને અર્પણ કરતાં રાજાએ તેને દેશ, ખજાનો અને લશ્કર વિગેરે સર્વ સોંપી દીધું. પછી એકનિષ્ઠ મનવાળા મેઘવાહને પણ, અભયંકર ભૂપાળનો જાણે પુત્ર જ હોયની તેમ, પોતાની પ્રજાને જલ્દી વશ કરી લીધી.

અભયંકર ભૂપે મેઘવાહનની રજા લઇને, પાછળ આવતાં નગરજનો તેમ જ પ્રધાનોને આગ્રહપૂર્વક પાછા વાળીને પોતે જ દાનમાં આપેલા વાહનોનો ત્યાગ કરીને, યોગ્ય પાત્રમાં સર્વસ્વ અર્પનાર પોતાના આત્માને ધન્યવાદ આપતો, ચમત્કારિક પ્રભાવથી એકલો છતાં પણ પરિવારથી વીંટળાયેલો હોય તેવો હાથમાં ખડ્ગને ધારણ કરતો તે તીર્થયાત્રા માટે એકલો નીકળી પડ્યો. (ચાલુ)

[ આ વૃતાંતનો રસિક ભાગ આવતા અંકે.]

## ઉપદેશક પદ

( કવ્વાલી )

ઊગતો સૂર્ય જોઇને નવી આશ્ચર્ય કો માને,
ઊગ્યો આથમી જાશે જગત જનતા બધી જાણે. ૧
નદીનું વ્હેણ ભાળીને નવાઇ ના કદી લાગે,
સુકાઇ નીરથી ખાલી નિહાળી શોક ના જાગે. ૨
ઘડીયો રેંટની નીરે ભરેલી થાય છે ખાલી.
અચંબો ના ધરે શાણા ભરેલી જોઇને ખાલી. ૩
તેજસ્વી સૂર્યકિરણોથી હતું જ્યાં દિવ્ય અજવાળું,
ન તાજુબ થાય કો ડાહ્યા જોઇ ત્યાં ઘોરતમ કાળું. ૪
ખીલી જે છે તે કરમાશે કળી છે તે ખીલી જાશે,
વિમાસે શું થવાનું છે "હતું" તે ના હતું થાશે. ૫
બાળ છે તે યુવક થાશે યુવક પણ વૃધ્ધ થઇ જાશે,
સમયનું ચક્ર ફરતાં તે વૃધ્ધ મૃત્યુવશ થાશે. ૬
અગર જો હોય તું સુખી ન રહેશે ચેતતો રે'જે,
અગર જો હોય તું દુઃખી ન રહેશે દુઃખ સહી લેજે. ૭
વિનાશી વસ્તુ સંયોગે થશે તું જેટલો ખુશી,
વિયોગે દુઃખી તું થઇને તેટલો થઇશ ના ખુશી. ૮
*વિયોગાન્તાશ્ચ સંયોગાઃ* વદેલી વીરની વાણી,
વિચારી હર્ષ દિલગીરી ન ધરતો ભાવ સમ આણી. ૯

—આચાર્યશ્રી વિજયકસ્તરસૂરીશ્વરજી મહારાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મશ્રદ્ધા અને પ્રયત્ન

( ગત વર્ષના પૃષ્ઠ ૩૩૦ થી ચાલુ )

અનુ૦ **અભ્યાસી** B. A.

**સંસારમાં** સમસ્ત પ્રાણીઓના સમાન અધિકાર છે, પરન્તુ તેઓમાં કાંઈ ને કાંઇ ભેદ જોવામાં આવે છે. એમાં પ્રયત્ન ભેદ કારણ છે. એક માણસ બીજાથી વધારે જ્ઞાનવાન છે અથવા વધારે બુદ્ધિમાન છે તેનું મુખ્ય કારણ એ છે કે તેણે બીજાથી વધારે પ્રયત્ન કર્યો હોય છે, એવી રીતે એ જ કારણથી એક બીજામાં વિશેષતા આવી ગઇ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો એકનો આત્મા બીજાના આત્માથી વધારે બળવાન હોય છે. આથી સિદ્ધ થાય છે કે અનુભવ જ્ઞાન આ સંસારમાં સર્વોપરી જ્ઞાન છે અને તે પ્રયત્નથી જ પ્રાપ્ત થાય છે. સંસારમાં પ્રયત્નશીલ માણસને સર્વત્ર વિજય મળે છે. કોઇ એમ કહે છે કે હું ઉત્તમોતમ ગ્રંથોનો અભ્યાસ કરીને, તેના સિદ્ધાંતોને સાચા માની ને બીલકુલ પ્રયત્ન કર્યા વિના મારી આત્મોન્નતિ કરી લઉં તો તે સર્વથા નિરર્થક છે. તેને માટે તો પ્રયત્ન કરવો પડશે. કહેવાનું તાત્પર્ય એ છે કે એ સિદ્ધાંતોને પોતાના વ્યવહારમાં સૂકીને તમે જાતે જ એનો અનુભવ પ્રાપ્ત કરો. કેવળ વાતો કરવાથી કોઇ કાર્ય નથી થઈ શકતું. પ્રત્યક્ષ કાર્ય કરવામાં અને કેવળ વાતો કરવામાં જેટલો તફાવત છે તેટલો જ તફાવત શબ્દજ્ઞાન અને અનુભવજ્ઞાનમાં છે.

મનુષ્યની પાસે આત્મશ્રદ્ધા તથા પ્રયત્ન બંને વસ્તુઓ છે. તેને જરૂર પણ તેની જ છે. કેવળ તેની મદદથી જ તે નરનો નારાયણ બની શકે છે તેથી ઊલટું કોઇ માણસની પાસે ત્રિભુવનની સંપત્તિ હોય અને મોટા મોટા દેવતાઓ તેને સહાય હોય પરંતુ તેનામાં આત્મશ્રદ્ધા અને પ્રયત્ન ન હોય તો તેને માટે એક તણખલું પણ વજ્ર સમાન છે. આત્મશ્રદ્ધાથી પ્રયત્ન થાય છે, પ્રયત્નથી જ આત્મશક્તિનો વિકાસ અને અનુભવ થાય છે, અને એ અનુભવને લઇને એની શકિતમાં વધારો થાય છે, આત્મશ્રદ્ધાની વૃદ્ધિથી જ પ્રયત્નનું પરિમાણ અને તેની ગતિ વધે છે; તેથી કરીને આત્મશ્રદ્ધા અને પ્રયત્ન એક બીજાના સહાયક છે. એ બંનેના સેવનથી તેનામાં ચક્રવૃદ્ધિ વ્યાજની જેમ વૃદ્ધિ થાય છે, જેને લઈને આપણને સ્વપ્ને પણ ખ્યાલ નથી હોતો કે આપણામાં અમુક કાર્ય કરવાની શક્તિ છે. પરિણામે આપણી શક્તિ અમર્યાદિત રૂપ ધારણ કરીને તેની પ્રયત્નશીલતા એટલી સૂક્ષ્મ બની જાય છે કે સંકલ્પ માત્રથી આપણાં સમસ્ત કાર્યો પૂર્ણતા પ્રાપ્ત કરી શકે છે.

અનુભવ જ્ઞાન પ્રયત્નોથી જ પ્રાપ્ત થાય છે. જેનો જેટલો અનુભવ હોય તેટલો તેને પ્રયત્નશીલ જાણવો જોઇએ. જેની પ્રયત્નશીલતા ઓછી હોય છે તેનું અનુભવજ્ઞાન પણ ઓછું જ હોય છે. જે માણસને વધારે અનુભવ જ્ઞાન પ્રાપ્ત થયું હોય છે તે જ માણસ સંસારમાં વિજય પ્રાપ્ત કરે છે. માણસ પ્રયત્નથી વધારે અનુભવજ્ઞાન પ્રાપ્ત કરે છે એટલા માટે પ્રયત્નશીલ બનવું એ જ પ્રાણીમાત્રનું કર્તવ્ય છે. એનાથી જ સર્વ પ્રકારની સિદ્ધિ મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇની આત્મશ્રદ્ધા જાગૃત કરીને તેને પ્રયત્નશીલ બનવાનો ઉત્સાહ આપનાર મનુષ્યો ઘણાં થોડાં જોવામાં આવે છે, પરંતુ તેના તરફ ઘૃણા બતાવીને તેના ધ્યેયને નષ્ટ કરનાર મનુષ્યો ઘણા જોવામાં આવે છે. એવા મનુષ્યો તેના ઉત્સાહનો ભંગ કરીને તેને પહેલી દશામાં મૂકી દે છે, પરંતુ જે સાચે સાચા આત્મશ્રદ્ધાળુ અને પ્રયત્નશીલ પુરુષ હોય છે તે કોઇ પણ માણસના કહેવા ઉપર ધ્યાન આપતા નથી. તેઓ તો પોતાના ધ્યેયની પૂર્તિ કરીને સાચે સાચા આનંદનો અનુભવ પ્રાપ્ત કરે છે. આજકાલ રેલ્વે, તાર, એરોપ્લેન અને વીજળી વિગેરે જે દૃષ્ટિગોચર થાય છે તે સઘળું આત્મશ્રદ્ધા અને પ્રયત્નનું જ ફળ છે. અને એ વસ્તુઓના આવિષ્કર્તાઓએ જે સમયે એ બનાવવાનો પ્રયત્ન કર્યો હશે ત્યારે આત્મશ્રદ્ધાના અવિશ્વાસુ અને નિરુત્સાહી માણસોએ તેઓના ધ્યેયથી હઠાવવા માટે શું ઓછાં પ્રયત્નો કર્યાં હશે? પરંતુ તેઓ પોતાની આત્મશ્રદ્ધા અને પ્રયત્નશીલતાને લઇને પોતાના નામ અમર કરી ગયા છે. સતત પ્રયત્નથી છેવટે આપણને જણાય છે કે જે લોકો આપણને આપણા સંકલ્પથી ચળિત કરી રહ્યા હોય છે તેઓ અત્યારે આપણી આત્મશ્રદ્ધા અને પ્રયત્નશીલતાને લઇને આપણને મળેલી સફળતા જોઇને આશ્ચર્યચકિત થઇ રહ્યા હોય છે.

દરેક મનુષ્ય પોતાના આત્મત્વ તથા પ્રયત્નોથી જ ઉત્તરોત્તર વિકાસ પામે છે. આત્મત્વ અથવા સ્વત્વને સર્વોત્કૃષ્ટ બનાવવા માટે સતત અભ્યાસ કરતા રહેવો જોઇએ. પ્રત્યેક મનુષ્યનું કર્તવ્ય છે કે તેણે પોતાનું આત્મત્વ સર્વોત્કૃષ્ટ બનાવવું અને તે ત્યારે જ બની શકે છે કે જ્યારે મનુષ્ય તેને માટે સતત પ્રયત્નશીલ રહે છે, પ્રયત્ન વગર કોઈ પણ મનુષ્યનો વિકાસ થઈ શકતો નથી; તેથી મનુષ્ય માત્રનું કર્તવ્ય છે કે તેણે પોતે પ્રયત્નશીલ બનવું અને બીજાઓને પણ પ્રયત્નશીલ બનાવવાનો પ્રયત્ન કરવો. એ જ પરોપકાર અને ધર્મ કહેવાય છે. તેનાથી વિરુદ્ધ પ્રવૃતિ પાપ છે.

અહિંયા આત્મત્વના વિકાસ માટે જે પ્રયત્ન બતાવવામાં આવ્યો છે તે કેવળ પુસ્તકો વાંચવાથી નથી થઇ શકતો. એનો અર્થ એમ નથી કે પુસ્તકોમાંથી જ્ઞાન સંપાદન કરવું એ નિરુપયોગી છે, પરંતુ તેટલા માત્રથી આત્મવિકાસ થતો નથી. જે પ્રયત્નથી આત્મા વિકાસ પ્રાપ્ત કરે છે તે જ પ્રયત્ન અનુભવ પ્રાપ્ત કરાવનાર પ્રયત્ન છે. કેવળ કૃષિશાસ્ત્રનો અભ્યાસ કરીને તેમાં કુશળતા પ્રાપ્ત કરવી અને પોતે હાથે કરીને ખેતીનું કાર્ય કરવાથી જે સફળતા મળે છે તેમાં આકાશ પાતાળનું અંતર છે. પહેલા પ્રયત્નથી કૃષિશાસ્ત્રનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે પરંતુ બીજો પ્રયત્ન સાચો હોવાથી તે કાર્યમાં પૂર્ણ સફળતા પ્રાપ્ત થાય છે. પહેલો પ્રયત્ન બીજાનો સહાયક થઇ શકે છે. બંને પ્રયત્નો ભેગા મળી જાય તો ઉત્તમ ફળદાયક બને છે.

પુસ્તકોમાંથી પ્રાપ્ત કરેલું જ્ઞાન એક બીજાનો અનુભવ છે, તેથી કરીને જ્યાં સુધી આપણે અનેક પ્રયત્નો કરીને તેને અપનાવી ન લઇએ ત્યાં સુધી આપણે તેનાથી કોઇ પણ પ્રકારનો લાભ ઉઠાવી શકતા નથી, કેમકે મનુષ્યને પોતાના અનુભવ ઉપર જ ખરેખરો વિશ્વાસ હોય છે અને એ વિશ્વાસ પર આધાર રાખીને પ્રયત્નશીલ પુરુષ ઉત્સાહ સહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્મ—દર્શન

## આત્મા અને પુદ્દગળ દ્રવ્યની વિચારણા

લેખક:-ચતુર્ભુજ જેચંદ શાહ બી. એ. એલએલ. બી.

( અનુસંધાન ગતાંક પૃ. ૨૭ થી શરૂ. )

**આ** સંસારમાં દરેક સંસારી જીવમાં આત્મા અને પુદ્દગળ, ચેતન અને જડ એ બે દ્રવ્યો-પદાર્થો એટલે કે એ બે દ્રવ્યોનો સંયોગ રહેલો છે. તે સંયોગ અનાદિકાળથી ચાલ્યો આવે છે. અનંત ભૂતકાળમાં કોઇ પણ જીવ કોઈ પણ વખત આત્મા અને પુદ્દગળના સંયોગ વગરનો હતો અથવા આત્માને અમુક વખતે પ્રથમ વાર જ પુદ્દગળનો સંયોગ થયો તેમ કહી શકાય તેમ નથી. જીવ જે કાંઇ જ્ઞાનાદિક પ્રવૃત્તિ કરે છે તે જીવમાં રહેલા આત્મતત્ત્વને પ્રભાવે છે એમ અગાઉ જોવાઈ ગયું છે. તેમજ દરેક જીવને ગમે તેવું સૂક્ષ્મ કે સ્થૂલ પૌદ્દગલિક શરીર અને રાગદ્વેષનો પરિણામ હોય છે એમ પણ કહ્યું છે. રાગદ્વેષ હમેશાં પૌદ્દગલિક પદાર્થો વિષે હોવાથી અને પૌદ્દગલિક પદાર્થોને માટે જ હમેશાં રાગ-દ્વેષ ઉત્પન્ન થતા હોવાથી જીવનું પૌદ્દગલિક શરીર પણ ક્રોધાદિક કષાય માફક રાગદ્વેષનું પરિણામ છે. એટલે જીવમાં આત્મા ઉપરાંત પુદ્દગળ અથવા જડરૂપી જે બીજું દ્રવ્ય રહેલું છે તે રાગદ્વેષ રૂપ છે. જીવને તે રાગદ્વેષનો સંયોગ અનાદિ કાળથી હોવાથી આત્મા ઉપર તેની અસર પણ અનાદિ કાળથી થયા કરે છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ આત્માના ગુણો છે અને આત્માની સંપૂર્ણ વિકસિત શુધ્ધ દશામાં તે ગુણોની શક્તિ અપ્રતિબદ્ધ હોવાથી આત્મા અનંત શક્તિધારી ગણાય છે. પણ આત્માની એ અનંત શક્તિને પ્રતિબધ્ધ કરનાર આવરણરૂપ જીવમાં અનાદિ કાળથી રહેલો રાગદ્વેષનો પરિણામ છે, જે આ સંસારના પૌદ્દગલિક પદાર્થો વિષે આસકિત રૂપે તથા તજ્જન્ય ક્રોધ, માન, માયા, લોભરૂપી કષાયભાવે પરિણમે છે. જીવાત્મા રાગદ્વેષના સંયોગને લીધે સંસારના પૌદ્દગલિક પદાર્થો વિષે જે સતત ચિંતા કરે છે, તેમાં આસકત રહે છે તે જળમાં મેલ-કચરો ભળતા જળ જેમ અશુધ્ધ થાય છે તેમ આત્મામાં રાગદ્વેષરૂપ પૌદ્દગલિક ભાવ દાખલ થતા આત્માના જ્ઞાનાદિક ગુણોમાં અશુધ્ધિ દાખલ થાય છે. એટલે આત્મા પોતાના સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રરૂપ સ્વભાવ છોડીને રાગદ્વેષજનિત પૌદ્દગલિક ભાવ અર્થાત્ વિભાવ ધારણ કરે છે, અને જીવની પ્રવૃત્તિ ત વિભાવ દશામાં પૌદ્દગલિક પદાર્થોમાં રહે છે. આ સંસારના સર્વ પૌદ્દગલિક પદાર્થો નાશવંત અને નિત્ય પરિણમનશીલ હોવાથી અને તે શુભ તથા

---

આગળ વધે છે. ઇશ્વરભક્તિથી મનુષ્યને આ લોક અને પરલોકમાં સુખ મળે છે. શું આસ્તિક માણસો આ વાતનો સ્વીકાર નથી કરતા ? જરૂર કરે છે પરંતુ તે જાણવા છતાં પણ એમાંના કેટલાક લોકો વસ્તુતઃ ભક્તિમાર્ગે ચાલીને એ સ્થાને પહોંચે છે એનું શું કારણ ? એનું મુખ્ય કારણ એ છે કે બીજાના અનુભવ ઉપર તેઓને ખરેખરો વિશ્વાસ નથી હોતો અને એ પણ કારણ છે કે તેઓ પ્રયત્નચ્યૂત બની જાય છે, એટલા માટે "આત્મા સર્વ કાંઇ કરવા સમર્થ છે" એવો નિશ્ચય કરીને આત્મશકિતને જાગૃત કરો અને પ્રયત્નશીલ બનો તેમજ તેનો અનુભવ કરો. પ્રાપ્ત કરેલા અનુભવથી આત્મબળમાં અધિક શ્રદ્ધા પ્રગટ કરો અને અધિક પ્રયત્નશીલ બનીને અધિકાધિક અનુભવ સંપાદન કરો. આત્મશ્રદ્ધા વગર પ્રયત્ન નથી થતો અને પ્રયત્ન વગર કેવળ આત્મશ્રદ્ધા એક પૈડાંની ગાડીની જેમ નિરર્થક છે. અને તેવી આત્મશ્રદ્ધા છેવટે મનુષ્યને મોક્ષ પ્રાપ્ત કરાવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અલ્પ સુખકારક હોવા કરતાં છેવટે વધારે અશુભ અને દુ:ખદાયક હોવાથી તેમનો સંયોગ તથા વિયોગ બંને દુ:ખ અને કલેશનું કારણ બને છે. તેથી તેવા નાશવંત દુ:ખોત્પાદક પદાર્થો વિષેમાં પ્રવૃત્તિ પણ દુ:ખ અને કલેશનું કારણ બને છે. જીવ માત્ર જ્ઞાન અને પ્રવૃતિનો ઉપયોગ શુભ માટે કરે છે, પણ જે જ્ઞાન અને પ્રવૃત્તિથી પરિણામે સુખ કરતા દુ:ખ અને કલેશ ઘણા વધતા હોય તો તે અજ્ઞાન જ કહેવાય

જીવમાં જ્યારે રાગદ્વેષની પરિણતી, પૌદ્ગલિક પદાર્થો વિષેનો કષાયિક ભાવતીવ્ર રૂપે વર્તતો હોય છે ત્યારે તેનામાં જે કાંઈ હોય છે તે મિથ્યાત્વરૂપે પરિણમે છે. કારણ, સંસારના સર્વ પૌદ્ગલિક પદાર્થો નાશવંત હોવાથી, તેમાં કાંઇ પણસ્થિર-સ્થાયી-કાયમ ટકનારું તત્ત્વ નહિ હોવાથી તે વિષે દ્દઢ આસકિતરૂપ પ્રવૃત્તિ પણ મિથ્યારૂપ ઠરે છે. એ બધું રાગદ્વેષનું જ ફળ અને પરિણામ છે.

આત્માની સાથે રાગદ્વેષના સંયોગથી અજ્ઞાન અથવા મિથ્યાત્વ પેદા થાય છે, તેથી જીવમાં મન, વચન અને કાયાનો સૂક્ષ્મ અથવા સ્થૂલ જે સતત યોગ-પ્રવૃત્તિ ચાલી રહ્યાં છે તે દ્વારા જીવ એક જાતના કાર્મણ વર્ગણાના સૂક્ષ્મ પરમાણુ પુદ્ગલો દરેક સમયે ગ્રહણ કરે છે અને તેનો આત્માની સાથે ક્ષીર અને નીરની માફક બંધ કરે છે. તે કાર્મણ પુદગળોનો ગુણ જીવમાં પૌદ્ગલિક ભાવ, જડભાવ, અજ્ઞાન અથવા મિથ્યાત્વ પેદા કરવાનો છે. એ જડભાવમાં કદી પણ જ્ઞાન અથવા ચેતના હોતી નથી પણ જેની જેની સાથે તેનો સંયોગ થાય છે તે જીવાત્મામાં મદિરાની માફક જડતા, અજ્ઞાનતા, દ્રષ્ટિવિપર્યાસ લાવે છે. એટલે આત્મા અથવા ચૈતન્યના સમ્યગ્ જ્ઞાનાદિક શુધ્ધ ગુણોનો રાગદ્વેષજનિત પૌદ્ગલિક અથવા જડભાવ વિરોધી છે. તે વિરોધી તત્ત્વના સંયોગથી જીવાત્માને તેમાંથી સર્વથા મુક્ત કરવો તે જ મોક્ષ છે, પરમ સાધ્ય કર્તવ્ય છે. જીવાત્માની સાથે જ રાગદ્વેષનો સંયોગ રહેલો છે અને જેના પરિણામે જીવમાં અજ્ઞાન અથવા મિથ્યાત્વ પેદા થાય છે તે દૂર થઇ આત્મ-દર્શન કેમ થાય તે જોવાનું રહે છે. સમ્યગ્ જ્ઞાનાદિ તે નથી એમ અગાઉ કહ્યું છે. આત્મહિતની દ્દષ્ટિએ જે જ્ઞાન સમ્યક્પૂર્વકનું હોય તે જ ઉપયોગી છે. સામાન્ય રીતે જીવને તેવું સમ્યગ્ જ્ઞાન હોતું નથી. તેનું કારણ એમ છે કે જીવનો પૌદ્ગલિક પદાર્થો સાથેનો સંયોગ અને તેમાં અત્યંત ગાઢ રાગદ્વેષ અનાદિ કાળના હોવાથી અને પૌદ્ગલિક પદાર્થો નાશવંત તથા નિત્ય પરિણમનશીલ અને સુખ કરતાં પરિણામે ઘણા વધારે દુ:ખકારક હોવાથી તે વિષેનું જ્ઞાન પણ તેવું જ નાશવંત, દુ:ખકારક, મિથ્યાત્વ રૂપ પરિણમે છે તે વિચાર કરતાં સમજાય તેવું છે. અત્યારનું વિજ્ઞાનબળ ઘણું આગળ વધ્યું છે. દુનિઆના ભૌતિક પદાર્થો વિષે મનુષ્યે આશ્ચર્યજનક શોધખોળો કરી તેનાં ઉપર અદ્ભુત કાબૂ મેળવ્યો છે, પણ એ સમ્યક્ પ્રકારે નહિ હોવાથી જીવોને માટે અત્યંત દુ:ખદાયક અને નાશકારક થઇ પડયું છે. કદાચ અન્ય જીવોની વાત એક બાજુ ઉપર રાખીએ તો પણ મનુષ્ય જાતિનું સુખ વધવાને બદલે દુ:ખ, ભય, કલેશ, કલહ, દ્વેષ, ચિંતા, ઉપાધિ વિગેરે ઘણાં જ મોટા પ્રમાણમાં વધ્યા છે તે સૌ જોઇ શકે તેવું છે. સાચા જ્ઞાન અને જ્ઞાન યુક્ત પ્રવૃત્તિનું ફળ અથવા પરિણામ સ્વાધીન તથા અક્ષય સુખ હોવું જોઇએ તેને બદલે દુ:ખ અને દુ:ખની પરંપરા ઉત્પન્ન થતી હોય તો તે જ્ઞાન વિષેની અને તે મારફત જાણવામાં આવતા પદાર્થ વિષેની કલ્પના અથવા દ્દષ્ટિ મૂળમાં દોષિત હોવી જોઇએ તેમ માન્યા વગર ચાલે તેમ નથી. તેમ છતાં તેવી દોષિત દ્દષ્ટિના કારણે જેઓ ફક્ત ભૌતિક પદાર્થો વિષેના જ્ઞાન અને સુખદુ:ખમાં જ રચ્યાપચ્યા રહેતા હોય, તેને જ જીવનનું ધ્યેય માન્યું હોય તેના જ્ઞાન અને પ્રવૃત્તિ સમ્યક્

For Private And Personal Use Only

કહી શકાય નહિ, અથવા તે અજ્ઞાનરૂપ-મિથ્યાત્વરૂપ કહેવા જોઇએ; અને તેઓ આત્માની જે જ્ઞાનાદિક અનંત ગુણ-શકિત છે તેનું સાચું જ્ઞાન અને તે માટે થવું જોઇતું સાચું દર્શન પામી શકે નહિ. કોઇ પણ વસ્તુનું સાચું જ્ઞાન થતાં પહેલાં તેનું યથાર્થ દર્શન થવું આવશ્યક છે. વસ્તુના વિશેષ પ્રકારના ગુણપર્યાય સાથેના બોધને **જ્ઞાન** કહેવામાં આવે છે, જ્યારે વસ્તુના સામાન્ય પ્રકારના બોધને **દર્શન** કહેવામાં આવે છે. પણ વસ્તુનો સામાન્ય બોધ જો સાચો હોય તો જ તેનો વિશેષ બોધ સાચો હોઈ શકે. પણ જીવને અનાદિ કાળથી પૌદ્ગલિક પદાર્થોમાં મોહાસક્તિને લીધે વસ્તુનું સાચું દર્શન જ થતું નથી. તે માટે તૃષાતુર મૃગ ને મૃગજળનો દાખલો પ્રસિધ્ધ છે. મૃગને જેમ મૃગજળમાં સાચા જળ અને તેથી તૃષા છીપાશે તેમ ચક્ષુના દૃષ્ટિવિપર્યાસથી ભ્રાંતિ થાય છે તેમ આ સંસારના પૌદ્ગલિક પદાર્થોના સેવનથી સુખપ્રાપ્તિ થશે તેમ મોહાસક્ત જીવને ભ્રાંતિ રહેતી હોવાથી રાગદ્વેષ સહિત અવસ્થામાં આત્માની અનંત શકિત તેમાં રહેલા સ્વાધીન, અને અક્ષય, અવ્યાબાધ સુખનું તેને દર્શન થતું નથી; તેમાં પ્રતીતિ, શ્રદ્ધા, રુચિ ઉત્પન્ન થતા નથી; તો પછી આત્મતત્ત્વનો તેને વિશેષ બોધ-જ્ઞાન અને તે માટે પ્રવૃત્તિ થાય જ ક્યાંથી? બીજી રીતે વિચારતા, કોઇ પણ વસ્તુનું સાચું દર્શન કરવું હોય તો તેના ઉપર મેલ-કચરાના જે થર-પોપડા બાઝ્યા હોય અને તેની સાથે મળી ગયા હોય તે દૂર કરવા જોઇએ. અરિસા ઉપર ધૂળ યા કાદવ ચોંટેલા હોય તો તેમાં મુખાકૃતિનું શુધ્ધ દર્શન થઇ શકે નહિ. જળમાં મળ, કાદવ, કચરો એકઠો થતાં જળ ડોળાઇ ગયું હોય તો શુદ્ધ જળની પ્રાપ્તિ થઇ શકે નહિ. ત્રાંબુ વિગેરે હલકી ધાતુઓથી મિશ્રિત સુવર્ણનો શુધ્ધ સુવર્ણ તરીકે ઉપયોગ થઇ શકે નહિ. એ રીતે અન્ય વસ્તુના મેલ-કચરાને કારણે જેમ અરિસા, જળ અને સુવર્ણના શુધ્ધ દ્રવ્યોની પ્રાપ્તિ થઇ શકે નહિ તેમ આત્માની સાથે અનાદિકાળથી જે રાગદ્વેષજન્ય કર્મરૂપી મેલ-કચરો મળેલો છે તેના કારણે આત્માના જે સમ્યગ્ જ્ઞાનાદિ ગુણો છે તેનું શુધ્ધ દર્શન અને તેની પ્રાપ્તિ થઇ શકે નહિ. જે જળમાં ઘણુંખરું હલકી વસ્તુઓનો મળ-કચરો એકઠો થયો હોય તેનો ઉપયોગ કરવામાં આવે તો શુધ્ધ જળના ગુણોનો લાભ નહિ મળતા તેમાં રહેલ મલિન વસ્તુઓના દોષની જ પ્રાપ્તિ થાય, તેમ જે જીવાત્મા અત્યંત ગાઢ રાગ દ્વેષથી લેપાએલો છે તેને આત્માના શુધ્ધ જ્ઞાનાદિક ગુણોનો લાભ નહિ મળતા જે પૌદ્ગલિક પદાર્થો વિષે રાગ-દ્વેષ કેળવાએલા હોય છે અને જે ક્રોધાદિક કષાય રૂપે પરિણમે છે તેના અત્યંત દુઃખદાયક દોષોની જ પ્રાપ્તિ થાય તેમાં આશ્ચર્ય જેવું કાંઇ નથી. એ રીતે પૌદ્ગલિક પદાર્થો વિષે અત્યંત રાગદ્વેષથી રંગાએલા જીવાત્માઓને આત્માના શુધ્ધ જ્ઞાનાદિક ગુણો તથા તેમાંથી નિષ્પન્ન થતા સ્વાભાવિક ને સ્વાધીન તેમજ શાશ્વત સુખની પ્રાપ્તિ થતી નથી, પણ પૌદ્ગલિક કૃત્રિમ-ક્ષણિક સુખની લાલચે અનંત કાળ સુધી ભવોભવના બંધ અને સંસાર-ભ્રમણ કરીને તેવા ક્ષણિક સુખ કરતાં અનેકગણા વધારે દુઃખ અને કલેશ ભોગવવા પડે છે. તેવા અનંત કાળ સુધી સંસારભ્રમણ અને દુઃખદાયક અનુભવમાંથી છૂટવું હોય તો મનુષ્યે તે દુઃખના કારણરૂપ આ સંસારના સર્વ પૌદ્ગલિક પદાર્થો વિષેની આસકિત, રાગદ્વેષના પરિણામ, તથા કષાયાદિક ભાવ ઘટાડવા-મંદ કરવા જોઇએ. કોઇ પુણ્યયોગે જે મનુષ્યને રાગદ્વેષના તીવ્ર પરિણામમાં ઘટાડો થાય, અત્યંત ક્રોધાદિક કષાયભાવ મંદ પડે તેને જ આત્મદર્શનની પ્રાપ્તિનો માર્ગ હાથ આવે છે. જેમ જળમાંથી મળ-કચરો ઓછો થતા પીવા લાયક સ્વચ્છ જળની પ્રાપ્તિ થઇ શકે તેમ આત્માની સાથેના રાગદ્વેષના પરિણામ મંદ થતા આત્મ-દર્શનની

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાપ્તિ સુલભ બને છે. રાગદ્વેષના ગાઢ ચીકણા થર–પોપડા બાંધેલા છે તેમાં પ્રયત્ન વિશેષથી ઘટાડો કરી, રાગદ્વેષની ગ્રંથીનો ભેદ કરી મનુષ્ય આત્મ-દર્શનની ઝાંખી કરી શકે.

આત્મ-દર્શનની શરૂઆત અલ્પ અને ધીમી પણ જો થાય, તો ક્રમે ક્રમે આત્મ-વિકાસની ભૂમિકા ચોક્કસપણે તૈયાર કરી શકે અને ત્યાંથી જ આત્મ-સિદ્ધિ માટે ઉત્તરોત્તર આગળ જઇ શકે અને ત્યાં જ આત્માને ઉપાદેય અથવા સ્વીકારવા લાયક તત્ત્વ તરીકેનું અને પુદ્ગલને હેય અથવા છોડવા લાયક તરીકેનું તેને ભાન થાય. વચ્ચે વચ્ચે ઘણા પતન અને ઉત્થાનના પ્રસંગો આવે તો પણ એક વખત પ્રગટેલું આત્મદર્શન સંસારમાં અનંત કાળ સુધીના ભવભ્રમણને વધુમાં વધુ અર્ધ પુદ્ગલ-પરાવર્ત સમય સુધીની મર્યાદામાં લાવી મૂકે છે. અને છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત થતા જીવ અવશ્ય સંપૂર્ણ આત્મસાક્ષાત્કાર કરે છે. ભૂત, વર્તમાન અને ભવિષ્યકાળ વિષે સર્વ પદાર્થોને તેના પર્યાયો સાથે એક સમય માત્રમાં તે જાણે તથા જુએ છે; સંસારના સર્વ જીવો અને પૈદ્ગલિક ભાવો પ્રત્યે રાગ-દ્વેષનો, મોહનીય કર્મનો સર્વથા ક્ષય થયો હોવાથી સર્વ પ્રત્યે સમભાવ દશા અને આત્મરમણતા પ્રગટે છે; અજરત્વ, અમરત્વ અને અક્ષય સુખને પામે છે. એવા પદને પામવા માટે આત્મા અને પુદ્ગળનો ભેદ સમજી, આત્મદર્શનરૂપી સમ્યક્ત્વ પામી, રાગ, દ્વેષ અને ક્રોધાદિક કષાયોને મંદ કરી, દર્શન, જ્ઞાન, ચારિત્ર અને વીર્યશકિતની શુધ્ધિ તથા વૃદ્ધિ કરવા દરેક ધર્મબંધુને નમ્ર વિનંતિ છે.

## આત્મબળ જાગૃત થશે ત્યારે બધાએ દેવતાઓ તમારી સેવા કરશે.

તેત્રીશ કરોડ દેવતાઓ તો શું પણ તેત્રીશ લાખ કરોડ દેવતાઓની ઉપાસના કર્યા કરો પરંતુ જ્યાં સુધી તમારા પોતાનામાં આત્મિક બળ નહિ ઉછળે ત્યાં સુધી જરાએ કલ્યાણ નહિ થાય. જ્યારે તમારું આત્મબળ જાગૃત થશે ત્યારે એ બધાએ દેવતાઓ તમારી સેવા માટે તમારી પાસે હાથ જોડીને ઊભા રહેશે અત્યારે તો તમો એમની સેવા કરો છો પણ પછી તે તમારી સેવા કરશે.

આત્મબળનું સામર્થ્ય એવું છે છતાં "એ મારા નસીબમાં નથી;" "ઇશ્વરની મરજી;" "આજકાલ જોઇએ તેવા ગુરુ જ મળતા નથી;" "સુસંગત મળતી નથી;" "દુનિયા બડી ખરાબ છે;" ઇત્યાદિ ઉદ્ગારો આપણો જ પ્રમાદ દર્શાવે છે. દુર્બળ મનને આત્મલાભ કદી પણ થતો નથી.

"બૈઠે હૈ તેરે દરપે તો કુછ કરકેં ઉઠેંગે;<br>
યા વસ્લભી હો જાયગા યા મરકે ઉઠેંગે."

એ અંતઃકરણ શા કામનું આત્મબળ અને આત્મવિશ્વાસ ન હોય? ખરો સાર જ એ છે કે અજર અમર આત્મદેવમાં વિશ્વાસ હોવો એનું નામ ધર્મ અને વિશ્વાસ છે.

સ્વામી રામતીર્થ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અખંડિત પૂજા

પૂર્વે જોઇ ગયા તેમ મૂર્તિપૂજા યાને પ્રભુબિંબનું પૂજન એ પ્રત્યેક દર્શનમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. ધ્યાનની જમાવટ કરવામાં એ અપૂર્વ સાધનરૂપ છે. અન્ય દર્શનની વાત મૂકી દઈ કેવળ જૈન દર્શન પ્રતિ મીંટ માંડશું તો સહજ જણાશે કે શ્રાવકના ષટ્ કર્ત્તવ્યમાં જિનપૂજાનું સ્થાન અગ્રપદે રખાયેલું છે. દેવપૂજા એ છ કાર્યોમાંનું પ્રથમ છે અને શ્રદ્ધાસંપન્ન સમુદાય એનું અસ્ખલિત રીતે પાલન કરી રહેલ દૃષ્ટિગોચર થાય છે. અરે ! આ યુગમાં કે જે વેળા મોટા ભાગને 'ચા' વિના ચાલતું જ નથી મુદ્દલ ચેન પડે નહીં 'ચા' વિના-તેવી સ્થિતિ વિસ્તૃત પ્રમાણમાં પથરાયેલી છે એવા કાળે પણ એક એવી સંખ્યા મળે તેમ છે કે જે પ્રભુપૂજા વિના મુખમાં જળ પણ નાંખતી નથી અર્થાત્ જેને 'ચા' નું વ્યસન છે એવા પણ પ્રભુપૂજાના કાર્યમાં એ વસ્તુને ઘડીભર વિસારી દઇ, દિનકૃત્ય રૂપી મહત્ત્વની ફરજ પ્રથમ બજાવે છે.

શ્રીમદ્ આનંદઘનજી મહારાજે પણ પોતે જે અનુપમ ચોવીશીની રચના કરી છે તેના શ્રીગણેશાય નમઃ 'પૂજા' ના સ્વરૂપ વર્ણનથી કરે છે. આદ્ય તીર્થંકર શ્રી ઋષભદેવને નજર સન્મુખ રાખી તેઓ વદે છે કે પૂજા-ભકિત એવા સ્વામીની કરવી ઘટે કે જે પોતે એને માટે યોગ્યતા ધરાવતો હોય અને પોતાના ઉપાસકને ઇપ્સિત માર્ગે લઇ જવાની શક્તિ પણ ધરાવતો હોય. વળી જેનો પલ્લો પકડ્યો તે એવી રીતનો હોય કે જેમાંથી વારંવાર ચસકવાપણું કે છૂટવાપણું ન હોય. કેવળ ક્રમશઃ પ્રગતિ સાધી આખરી પરિણામ મનોરથની સિદ્ધિમાં જ પરણમતું હોય.

ઉપરની વ્યાખ્યાની પૂર્તિમાં યોગિરાજ **આનંદઘનજી** ચાલુ અવસર્પિણી કાળના આદ્ય તીર્થંકર શ્રી યુગાદિજિનેશને ગ્રહણ કરે છે અને નિઃસંશય જાહેરકરે છે કે બીજાની માફક એ અધવચ છોડી દેનારા નથી, પણ ઠેઠ સુધી સધિયારો આપનારા છે—

**રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે,**
**ભાંગે સાદિ અનંત. ઋષભ જિનેશ્વર૦**

ઉપરની કડીમાં એ વાત નિશ્ચિત કરી.સાહિબ-માલિક યા તો જેનો છેડો પકડયો છે એ દેવ કેવી રીતે રીઝે અર્થાત્ કેવી રીતે આરાધના કરવામાં આવે તો ભક્તિ કરી લેખે ગણાય એનો વિચાર કરતાં જ્યાં આગળ કદમ ભરે છે ત્યાં એનાં પ્રકારોની વિચિત્રતા નિહાળી ઉચ્ચારે છે કેઃ—

**પ્રીત સગાઇ રે જગમાં સહુ કરે રે,**
**પ્રીત સગાઇ ન કોય;**
**પ્રીત સગાઇ રે નિરુપાધિક કહી રે,**
**સોપાધિક ધન ખોય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જે ઉપાસના પાછળ ઉપાધિની હારમાળા લાગેલી હોય છે, અરે! જ્યાં ભકિતના નામે આરંભ-સમારંભના ખાતા ઊભા રખાયેલા હોય છે, જ્યાં ક્રિયાકાંડની ધમાલ મચી રહી હોય છે, જ્યાં ગણગણાટ કે હદ બહારના ઝણઝણાટ થઇ રહ્યાં હોય છે, જ્યાં ભક્તિના ઓઠા તળે કેવળ વેવલાપણું અને અંધશ્રદ્ધાળુતા એકઠાં થયાં હોય છે, જ્યાં ઉચ્ચાર અને આચાર વચ્ચે આસમાન જમીનનું અંતર પડયું હોય છે, જ્યાં ધર્મના નામે દોડાદોડી યા ધક્કામુક્કી સિવાય ભાગ્યે જ કંઇ દૃષ્ટિગોચર થાય છે, જ્યાં કેવલ આડંબર ને ઉપરછલ્લા ભભકાના જ દર્શન કરાય છે, જ્યાં 'ઉપર ઢોળ ને માંહે પોળ' જેવું વર્તન દેખાય છે, જ્યાં **'ધુમધામા ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે.'** એવા શ્રી ઉપાધ્યાયજી મહારાજ યશોવિજયજીના ટંકશાળી વચન જેવું વાતાવરણ અહર્નિશ બન્યું રહે છે, ટૂંકમાં કહીએ તો જ્યાં સર્વત્ર પુદ્‌ગલની જ બોલબાલા થઇ રહી છે અને ચેતનની પિછાન સરખી કે તેની વાત સરખી નથી ત્યાં ઉપાધિ કે આપદા સિવાય બીજું કંઈ જ નથી. એમાં બાહ્ય ધનનો વ્યય તો ઊઘાડો છે પણ સાચું એવું જે આત્મધન તેનો પણ વ્યય છે, તેનો પણ સર્વનાશ છે.આગળ વધીને યોગિરાજ કહે છે કે જો પૂજા પાછળનું શુદ્ધ લક્ષ્યબિંદુ આત્મસાક્ષાત્કાર વીસરાઇ જાય તો પછી ભક્તિના નામે ગમે તેવા દેખાવ કરો યા તો છપ્પન્ન ભોગ ધરો, રીઝવવા સારુ આકરા કષ્ટ સેવો યા તો જાતજાતના તપનું સેવન કરો, અરે! માલિકના નામે જીવતાં મૃત્યુની ભેટ કરો, એ બધાનો કંઇ જ અર્થ નથી. એમાં કેવલ કાયાનું વ્યર્થ દમન છે. કંતને અર્થે કરાયેલ કાષ્ઠભક્ષણ અથવા તો પતિરંજન અર્થે કરાયેલ તપ એ લક્ષ્યવિહીન હોવાથી કોઇ પણ જાતના કાર્યસાધક નથી થતાં.

**કોઇ કહે લીલા રે, અલખ અલખતણી રે,**
**લખ પૂરે મન આશ;**

અર્થાત્ ઇશ્વરેચ્છા બલીયસી માનનાર કિંવા હરિની કૃપા વગર એક પાંદડું પણ હાલતું નથી એમ વદનાર અગર તો સર્વ બનાવોમાં ઇશ્વરનો હાથ જોનાર યા તો એની 'લીલા' લેખનાર વર્ગને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવે છે કે-

**દોષ રહિતને લીલા નવિ ઘટે**

જે દેવને અઢાર દૂષણ રહિત માનવામાં આવે અર્થાત્ સર્વ જંજાળથી મુક્ત ગણવામાં આવે, તેમાં ઉપરોક્ત કાર્યવાહીનું આરોપણ કરવામાં આવે તો, દેવને માથે એક જંજાળનો સમૂહ ખડો થાય; કારણ કે સર્વ જાતની લીલાઓના મૂળમાં કંઇ ને કંઇ દોષાપત્તિ તો રહેલી જ હોય છે.

આમ પૂજા-ભક્તિ સંબંધમાં સખત મંથન કરી, અંતમાં નવનીત કહાડતાં જે વાત શ્રીમદ્ આનંદઘનજી જણાવે છે એ સર્વના હૃદયે કોતરવા જેવી છે ચાહે તો અષ્ટ પ્રકારી પૂજા કરી સંતોષ પકડો કે ચાહે તો એક હજાર ને આઠ અભિષેક પાછળ રક્ત બનો. એક વાત અંતરમાં રમણ કરતી હોવી જોઇએ અને તે એ જ કે ચિત્તની પ્રસન્નતાપૂર્વક અર્થાત્ યથાર્થ સમજણપૂર્વક-સાચા જ્ઞાનયુક્ત-આત્મસમર્પણ-એ જ ખરી અને કાયમી પૂજા છે. એ વિના ઇષ્ટ સિદ્ધિ નથી જ સંભવતી. વિવિધ પ્રકારોમાં પૂજાનો એ પ્રકાર જ લાભદાયી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંબોધક સાહિત્ય

## પર્વતાન્યોક્તિ

પુરાણોમાં કહ્યું છે:—

किं तेन गिरिणा रजतद्रिणा वा,
यत्राश्रिताश्च तरवस्तरवस्त एव ।
मन्यामहे मलय एव यदाश्रयेण,
कंकोल-निम्ब-कटुता अपि चंदनाः स्युः ॥१॥

શ્લોકાર્થ:—મેરુપર્વત સોનાનો છે અને રજતગિરિ (કૈલાસ) રૂપાનો છે. જગતનું અવલોકન કરનારા ડાહ્યા કવિઓ કહે છે કે–એક સુવર્ણમય છે, અને બીજો રૂપામય છે. ततः किम् તેનાથી ? એ પર્વતનો આશ્રય કરી રહેલાં ઝાડો તો જેવાં ને તેવાં જ રહ્યાં છે નાં ? અમે તો પૃથ્વી પર મલયાચળ પર્વતને જ જાણીએ છીએ, કે જેના પ્રભાવે (આશ્રિત) એવાં કડવાં, તીખાં, ખાટાં વગેરે વૃક્ષો પણ ચંદનમય (સુવાસિત) બની રહે છે.

સજ્જનો ! આ શ્લોકનો ઉત્તમ રહસ્ય-ભર્યો ભાવ જગતના ધનાઢ્યો, પદવીધરો, સંપત્તિસંપન્નોને યથાર્થ લાગુ પડે છે. આ સૂચન કેવું અસરકારક અને માનવજીવનની સાર્થકતા બતાવનારું છે ? આપણી આ સૃષ્ટિ-સમાજમાં સમૃદ્ધિવાન અનેક વ્યક્તિઓ છે, પણ જેઓએ પોતાની વિભૂતિથી સ્વજનને, સ્વદેશને, સ્વજ્ઞાતિને કે જગતભરના માનવ-સમાજને પોષ્યું છે, પાળ્યું છે, દુઃખીયોનું દુઃખ ટાળ્યું છે, ગરિબોનું જીવન નેહ નજરે નિહાળ્યું છે, પોતાના મસ્ત મનને પરમાર્થ પ્રવાહ તરફ વાળ્યું છે, માત્ર પીંડપોષક તરફ જતું મન વિનય–વિવેક તરફ વાળ્યું છે, પોતાના જીવનને પરમાર્થ પંથે ગાળ્યું છે, દુઃખથી દાઝતા હૃદયને ભીના નેત્રથી ભાળ્યું છે અને દયાપાત્ર દીનજનો પર આવતું કષ્ટ પોતાના તન–મન–ધનથી ટાળ્યું છે. આ અન્યોક્તિ એ જ પૂછે છે કે સોના–રૂપાના સ્વાત્મવૈભવી મટી ચંદનવૃક્ષ જેવા આશ્રિત જનોને સુવાસિત

---

ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું,
પૂજા અખંડિત એહ;
કપટ રહિત થઇ આતમ અર્પણા,
આનંદઘન પદ રેહ.

એ આખી કડી પ્રભુભક્તિ પાછળ રહેલ અનુપમ રહસ્યના દોહનરૂપ છે.

ચેતનના ઉલ્લાસમાં જ ક્રોડો ગમે કર્મોની હુતાશની પ્રગટાવવાનો જોમ સમાયેલો છે. પ્રભુની મૂર્તિ એ તો નિમિત્ત કારણરૂપ છે. આત્મા પોતે જ યોગ્ય પ્રયાસદ્વારા મહાત્મા ને પરમાત્મા બની શકે છે. એ સારૂ સાચી લગની ઉપર, અમુક હદ સુધી અવલંબનની અગત્ય રહે છે. એ અવલંબનમાં જિનમૂર્તિનું પૂજન અનોખો ભાગ ભજવે છે. એ પૂજન ધારાવાહી હોવું જોઇએ. યોગીરાજ શ્રી આનંદઘનજી ચોવીશીના સ્તવનો-દ્વારા અધ્યાત્મનો શૃંખલાબદ્ધ ચિતાર રજૂ કરે છે. એમાં આ અખંડિત પૂજા નામનો પ્રથમ અંકોડો પૂર્ણ થાય છે.

ચોકસી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(સુખી) કરવા સંપત્તિનો સદુપયોગ કર્યો છે? આપણે સૌએ સતત એક જ સિદ્ધાન્ત નજર આગળ ખડો રાખવો જરૂરનો છે: પૈસો અને પદવી, ઋદ્ધિ અને સમૃદ્ધિ, વિભૂતિ અને વૈભવ, શરીર અને શરીરસ્થ ધર્મો, એ બધાં અજર અમર નથી! અભ્રછાયાં કે જળ બુદ્દ બુદ્દ જેવાં ક્ષણભંગુર છે. એ બધાં કયારે લોપ થઇ જશે, એનું કશું એ ટાણું-અવસર કે મુહૂર્ત નથી; માટે જ્યાં સુધી એ બધાં આપણા હસ્તગત છે ત્યાં સુધીમાં **સત્કર્મ** અને **સદ્ધર્મ**નો અમૌલિક લ્હાવો લઇ લેવો. પછી તો चार दिनकी चांदनी पीछे आखर अंधेरा है।

દુનિયાનું અઢળક-અનર્ગળ દ્રવ્ય એકઠું કરનારા મહાન વિજેતા સીકંદર અને મહમ્મદ ગીઝની જેવાઓ પસ્તાયા છે, અને છેવટ બોલી ગયા છે કે-અમે માનવ અવતારના લ્હાવા ખરેખર ખોયા છે!

હાથમાંથી બાજી ગયા પછી, બાણ ધનુષ્યમાંથી છૂટી ગયા પછી, પ્રાણે કંઠમાં મુકામ કર્યા પછી, હાય વરાળ અને પસ્તાવાના પોકાર સિવાય શું બની શકે ?

સઘળી સંપત્તિઓ નાશવંત છતાં, જો એનો સદુપયોગ કરી લઇએ તો જરૂર એ નાશવંત વસ્તુઓવડે પણ અનાશવંત-ચિરાયુ અજર-અમર ધર્મ અને સુયશની પ્રાપ્તિ કરી શકાય છે અને એવા ગુણગ્રાહક સજ્જન શિરોમણીઓનાં નિર્મળ નામો અને કરમીવટ કામો આજસુધી દુનિયાના ઈતિહાસમાં ઝળકતાં મોજુદ છે.

વાચક બન્ધુઓ, આ એક હૃદય ઉઘાડનારી સંસ્કૃત અન્યોક્તિનું શાણું-વિચારક, અને હૃદયસ્થ કરવા યોગ્ય વિવેચન સમાપ્ત કરું છું. અન્યોક્તિ હવે પછી આપની સેવામાં મૂકીશ.

**રેવાશંકર વાલજી બધેકા.**

## વિરોધ તો ન જ કરવો.

**विरोधो नैव कर्तव्यः, साक्षरेभ्यो विशेषतः ।**
**साक्षरा विपरीताः स्युः, राक्षसा एव केवलम् ॥**

વિરોધ કોઇની પણ સાથે કરવા યોગ્ય નથી. તેમાં પણ સાક્ષરો સાથે તો વિશેષ કરીને વિરોધ ન કરવો, કારણ કે સાક્ષરો અવળા થાય તો કેવળ રાક્ષસ જેવા બને છે ( **साक्षरा** શબ્દને અવળેથી લખવાથી **राक्षसा** થાય છે. )

રા. મ. વ્હોરા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

### શ્રીમાન હેમચંદ્રાચાર્યવિરચિત

## યોગશાસ્ત્ર* માટે

# ગોપાલદાસ જીવાભાઈ પટેલ શું કહે છે ?

"**યો**ગશાસ્ત્ર" ગ્રંથ શ્રી હેમચંદ્રાચાર્યે પોતે જણાવ્યા પ્રમાણે 'ગુજરાતના રાજા ચૌલુક્ય કુમારપાલના' કહેવાથી રચ્યો હતો. વળી એ ગ્રંથના અંતિમ શ્લોકની ટીકામાં તેમણે જ ઉમેર્યું છે કે 'કુમારપાલ રાજાને યોગોપાસના પ્રિય હતી, અને તેણે અન્ય યોગગ્રંથો પણ જોયા હતા. તેણે તે બધાથી વિલક્ષણ એવું યોગશાસ્ત્ર પોતાને સંભળાવવાનો ઘણો આગ્રહ કર્યો તેથી આ યોગોપનિષદ શ્રી હેમાચાર્યે વાણીગોચર કરી છે.'

કુમારપાલના પુરોગામી સિદ્ધરાજ જયસિંહના કહેવાથી હેમાચાર્યે આ પ્રમાણે જ 'સિદ્ધહેમ' નામનું પોતાનું સુપ્રસિદ્ધ વ્યાકરણ રચ્યું હતું, પરંતુ તેના અને યોગશાસ્ત્રરચનાના પ્રયોજનમાં ફેર છે. 'સિદ્ધહેમ' વ્યાકરણ તો હેમાચાર્યે વ્યાકરણાદિ શાસ્ત્રોની બાબતોમાં ગુજરાત દેશની પરોપજીવિતાનો અપવાદ ટાળવા માટે રાજાના આગ્રહથી રચ્યું હતું. સિદ્ધરાજ માળવા દેશ જીતીને ત્યાંથી વિજયલક્ષ્મીની સાથે તેની સાહિત્યલક્ષ્મીને પણ લાવવાનું ચૂકયો નહોતો. ત્યાંનો સાહિત્ય ભંડાર તપાસતી વખતે સિધ્ધરાજના જોવામાં માલવાના રાજા ભોજે રચેલું 'ભોજવ્યાકરણ' આવ્યું હતું. માલવાનો રાજા આવાં આવાં શાસ્ત્રો રચનારો સાહિત્યિક હતો, એ જાણી સિધ્ધરાજને પોતાની ઊણપનું બહું ઓછું આવ્યું, પરંતુ જયારે તેને કહેવામાં આવ્યું કે ગુજરાતમાં તેમજ પાટણની પાઠશાળાઓમાં પણ એ જ વ્યાકરણ શીખવવામાં આવે છે ત્યારે તેના સ્વાભિમાનમાં તેનું સ્વદેશાભિમાન પણ ઉમેરાયું, અને ગુજરાતની આ પરોપજીવિતા કોઈ પણ પ્રકારે દૂર કરવાનો તેણે નિશ્ચય કર્યો. આ અગાઉ તેનો શ્રી હેમાચાર્ય સાથે મેળાપ થઇ ચૂકયો હતો; એટલે તેણે તેમની દ્વારા એ નિશ્ચય પાર પાડવાનું નક્કી કર્યું. શ્રી હેમાચાર્યને પણ એ બાબતમાં વિશેષ કહેવું પડે તેમ નહોતું. તેમણે તરત જ તે કામ હાથ ધર્યું અને પરિણામે 'સિદ્ધહેમ' વ્યાકરણ ગુજરાતને મળ્યું.

પરંતુ 'યોગશાસ્ત્ર' રચવાની કુમારપાલની વિનંતિ પોતાનું નામ અમર થાય તે માટે કે તેવા બીજા કોઇ હેતુસર નહોતી. 'યોગશાસ્ત્ર' ગ્રંથની રચના જ એવા પ્રકારની છે કે જેથી તેવો કોઈ હેતુ પાર જ ન પડે. શ્રી હેમાચાર્યે લખેલા અન્ય શાસ્ત્રગ્રંથો તો તે વિષયને લગતા પૂર્વેના તમામ ગ્રંથોની તારવણી રૂપ તથા અભ્યાસીને અનુકૂળ થાય તેવી નવી ગોઠવણી યુકત હોય તે તે વિષયના ગ્રંથોમાં નામ કાઢે તેવાં છે; જયારે આ ગ્રંથ તો તેમ કરવાને બદલે જુદી જ પધ્ધતિ સ્વીકારે છે. યોગદર્શનના અભ્યાસીને ઉપયોગી થઇ પડે તેવી એક પણ વસ્તુ તેમાં નથી, એટલું જ નહિ પણ આ ગ્રંથ વાંચી જવાથી યોગ વિષયક કશું નવું જાણવાનું પણ મળે તેમ નથી. આ ગ્રંથની રચનાનો હેતુ જ જુદો હતો. આમાં હેમાચાર્યને શાસ્ત્રપ્રણેતા તરીકે પોતાની કુશળતા બતાવવી જ નહોતી પરંતુ પોતાના શિષ્ય કુમારપાળને મદદરૂપ થઇ પડે તેવી વિશિષ્ટ યોગસાધના બતાવવી હતી. ઉપર જણાવ્યું તેમ કુમારપાળ પોતે યોગોપાસનાનો શોખી હતો, પરંતુ તેને માથે ગુજરાતનું સૌથી મોટું સામ્રાજ્ય વહન કરવાનું આવ્યું હતું. બીજા યોગગ્રંથો મુખ્યત્વે સંન્યાસી કે તેવા નિવૃત મનુષ્યને ખ્યાલમાં રાખી લખાયા હતા, પરંતુ કુમારપાળને તો તે બધાથી 'વિલક્ષણ' એટલે કે પ્રવૃતિ યુકત ગૃહસ્થને લગતું યોગશાસ્ત્ર જોઇતું હતું, અને આ

* યોગશાસ્ત્ર સંબંધી અન્ય જૈન તેમજ જૈનેતર સાક્ષરો પોતાના અભિપ્રાયો મોકલશે તો આ માસિકમાં સ્થાન આપીશું. —**તંત્રી મંડળ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેમાચાર્યનું 'યોગશાસ્ત્ર' જોયા પછી એમ લાગે જ છે કે તેમણે ગૃહસ્થનું યોગશાસ્ત્ર આપવાની કુમારપાલની માગણી અક્ષરશઃ પૂરી પાડી છે. આપણે પછીથી જોઈશું તેમ કુમારપાલ ૫૦ વર્ષની વયે ગુજરાતની ગાદી ઉપર આવ્યો હતા અને વીસ વર્ષથી માંડીને ત્યારસુધીનો બધો સમય તેમણે છૂપી રીતે દૂર દૂર ભટકવામાં ગાળ્યો હતો. તે દરમ્યાન મુખ્યત્વે તેણે કેદારનાથ જેવા તીર્થોની યાત્રા વારંવાર કર્યા કરી હતી તેવી સ્થિતિમાં જુદા જુદા સંતોના સહવાસથી તેનામાં યોગોપાસના કે નિવૃત્તિની ઝંખના જાગી હોય તો નવાઈ નહિ; પરંતુ જીવનના પાછલા ભાગમાં જ્યારે બધું બદલાઇ ગયું અને તેને ભાગે લગભગ આખા હિંદુસ્તાન જેટલું વિશાળ સામ્રાજ્ય વહન કરવાનું આવ્યું ત્યારે પણ હેમાચાર્ય જેવા યોગીના સંસર્ગમાં તેની જૂની યોગસાધનાની વૃત્તિ જાગૃત હોય એમ બનવાનો પૂરેપૂરો સંભવ છે.

શ્રી હેમચંદ્રાચાર્યજીએ પણ અનુભવી અને કુશળ ગુરુની પેઠે કુમારપાલની સ્થિતિ લક્ષમાં રાખી, તેને જોઇએ તેવું જ યોગશાસ્ત્ર રચી આપ્યું છે. યતિધર્મને તો શરૂઆતમાં તેમણે પચીસેક જેટલા જ શ્લોકોમાં જ ( ૧, ૧૯–૪૬ ) પતાવી દઇ, ગૃહસ્થ ધર્મને જ વિસ્તાર્યો છે. અલબત્ત, તે ગૃહસ્થ ધર્મમાં તેમણે નવું કશું બતાવ્યું નથી. એમ નથી. ઉપાસગ્દશા સૂત્ર વિગેરે જૈન અંગ-ગ્રંથોમાં વર્ણવેલ અણુવ્રત, ગુણવ્રત અને શિક્ષાવ્રતરૂપી ઉપાસક ધર્મ જ તેમણે તેમાં પૂરેપૂરો સમાવ્યો છે. તેમની પોતાની નવીનતા હોય, તો તે એ છે કે, એ ઉપાસકધર્મને પીઠિકા રૂપે લઇ. તેની ઉપર તેમણે ધ્યાન, સમાધિ વગેરે અન્ય યોગાંગોની ઇમારત ખડી કરીને, આખી યોગસાધનાને સળંગ ક્રમરૂપે નિરૂપી છે. એટલે વાસ્તવિક એવું બન્યું છે કે જૈન ઉપાસક ધર્મયોગનાં શરૂઆતનાં યમ–નિયમ વગેરે અંગોને સ્થાને ગોઠવાઇ ગયો છે; અને તેની જ ભૂમિકા ઉપર તેમજ તેના પછીના ભાગરૂપે બાકીનો ધ્યાનયોગ ગોઠવાઇ જઇ આખી યોગસાધના સંપૂર્ણ બની છે.

હેમચંદ્રાચાર્યના અન્ય શાસ્ત્રીય ગ્રંથોની બાબતમાં પણ તેમના સમયમાં જ તેમના ઉપર સારી પેઠે આક્ષેપો કરવામાં આવ્યાં હતાં કે-આમાં તમારું નવું શું છે? શ્રી હેમચંદ્રાચાર્યે એ ટીકાનો જવાબ પોતાના **'પ્રમાણમીમાંસા'** ગ્રંથની શરૂઆતમાં આ પ્રમાણે આપ્યો છે–'પાણિનિ, પિંગલ, કણાદ, અક્ષપાદ વગેરે આચાર્યોએ પોતાનાં સૂત્રો લખ્યાં, ત્યાર પહેલાં તે વિષયના બીજા સૂત્રો હતાં જ; તો પછી તેમને પણ;તમે શા માટે તે તે ગ્રંથના કર્તા કહો છો? વસ્તુસ્થિતિ જ એવી છે કે-આ બધી વિદ્યાઓ અનાદિ છે, પરંતુ તેમનો સંક્ષેપ કરવામાં આવે કે વિસ્તાર કરવામાં આવે એની અપેક્ષાએ તે નવી નવી થાય છે અને તે તે લોકોને તેમના કર્તા કહેવામાં આવે છે. જગતમાં વાસ્તવિક એવું નવુ કેટલું અને શું હોય છે? જે હોય તેનો વિસ્તાર કરવો કે તેને વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી ગોઠવવું કે ચર્ચવું, એમાં જ લેખકની નવીનતા કે મૌલિકતા રહેલી હોય છે. 'યોગશાસ્ત્ર'ની બાબતમાં પણ આ જ વસ્તુ લાગુ પડે છે, તેમાં નવીન જ શોધવા જઇએ તો કશું નથી. જે કાંઇ છે તે જુદે જુદે ઠેકાણેથી એકત્રિત કરેલું છે; પરંતુ જુદી જુદી સામગ્રીને વિશિષ્ટ દૃષ્ટિબિંદુથી રજૂ કરવામાં કે એકત્રિત કરવામાં જ લેખકની પ્રતિભા રહેલી છે.

એ બધું તો ઠીક. રાજા સૂચના કરે તે પ્રમાણે સર્વ પ્રકારની શાસ્ત્રવ્યવસ્થા ગોઠવી આપે એવા પંડિતો તો હંમેશા સુલભ રહેવાના, પરંતુ 'યોગ–શાસ્ત્ર'નો વિષય એવો વૈયક્તિક અનુભવને લગતો છે, કે ગમે તે માણસ તેનો ક્રમ ગમે તેમ ગોઠવી આપે, તેથી સાધકને શાંતિ ન જ થાય. એવો પ્રશ્ન સહેજે થાય છે કે આ પ્રમાણે તમે જે સાધના ગોઠવી આપી તે યથાયોગ્ય છે તેની સાબિતી શું? એના જવાબમાં જ આચાર્યશ્રીએ કદાચ જણાવ્યું છે કે 'શાસ્ત્રસમુદ્ર'માંથી ગુરુને મોઢે સાંભળ્યા અનુસાર, તથા સ્વાનુભવને લક્ષમાં રાખીને આ શાસ્ત્ર મેં રચ્યું છે' એટલે કે આ વ્યવસ્થાને પુરાણશાસ્ત્રોનો, પોતાના સમર્થ ગુરુ દેવસૂરિના ઉપદેશનો અને પોતાના જાત-અનુભવનો ટેકો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રવાહના પ્રશ્નો

## જાહેર તહેવારોમાં ઘટાડો—

મુંબઇ ઇલાકામાં પળાતા બેન્ક વગેરેના જાહેર તહેવારોની સંખ્યા આજે ૨૮ ની છે. આ સંખ્યા વધારે પડતી હોવાનું અને એ રીતે વેપારને નુકશાન પહોંચતું હોવાના બ્હાના તળે તહેવારોની સંખ્યા ઘટાડવાની એક જાહેરાત મુંબઇ સરકારે બહાર પાડી છે, અને ત્રણ માસ દરમિયાન તેને અંગે યોગ્ય વાટાઘાટ ચલાવી તેનો એક રિપોર્ટ ઘડવા માટે જુદી જુદી વેપારી લાઇનો અને કોમોના પ્રતિનિધિઓ ધરાવતું એક મંડળ સરકાર તરફથી નિયુક્ત કરવામાં આવ્યું છે. આ મંડળમાં જૈન પ્રતિનિધિ તરીકે શ્રી ચુનીલાલ ભાયચંદ મહેતાનું નામ દાખલ કરવામાં આવેલ છે.

તહેવારો ઘટાડવાને અંગે જે આઠ પાનાનું લાંબું નિવેદન સરકાર તરફથી બહાર મૂકવામાં આવ્યું છે તેમાં મુખ્યત્વે નીચેના કારણો દર્શાવવામાં આવ્યા છે.

(૧) વેપાર-વ્યવહારને નુકશાન પહોંચે છે.

(૨) તહેવારોને ધાર્મિક સ્વરૂપ આપવાની વૃત્તિ વધતી જાય છે.

(૩) જે છે તે તહેવારો સંપૂર્ણપણે પળાતા નથી.

બીજી બાજુ પરિસ્થિતિ એ છે કે આજે જે તહેવારો પાળવામાં આવે છે તેમાં તુલનાત્મક દૃષ્ટિએ તહેવારોની પસંદગીમાં ન્યાય બરાબર જળવાયો હોય તેમ માની શકાતું નથી.

વ્યાપારી જગતમાં વર્ચસ્વ ધરાવતી કોમના પ્રતિનિધિત્વનો ખ્યાલ રાખી તહેવારો નિયત કરવામાં આવે તો આટલી જ સંખ્યામાં કદાચ સૌને સંતોષ આપી શકાત; પરંતુ એ વસ્તુ તરફ પૂરતું લક્ષ આપવામાં આવ્યું નથી.

## માગણી ઉડાડવાનો પ્રયત્ન?

આજે લાંબા કાળથી જૈન સમાજ ભગવાન મહાવીરની જયન્તીના તેમ જ સંવત્સરીના પવિત્ર દિવસને જાહેર તહેવાર તરીકે પાળવાની માગણી કરી રહેલ છે. આવી જ એક અગત્યની માગણી મહારાષ્ટ્રની ચૈત્ર શુ. ૧ ના ત્યાં શરૂ થતાં નવા વર્ષના પવિત્ર દિવસની છે અને એવી બીજી એકાદ માગણી પણ ઊભી છે. વધુમાં ભગવાન મહાવીરની જયન્તીને અંગે તો છેલ્લા છેલ્લા વરસોમાં જુદા જુદા દેશી રાજ્યો પ્રાન્તો વગેરેમાં તે પવિત્ર દિવસોને જાહેર તહેવાર તરીકે સ્વીકારવામાં આવેલ છે અને જ્યાં જ્યાં બાકી છે ત્યાં સ્વીકારાવાની આશા છે. આ સંયોગો વચ્ચે લાંબા કાળથી ઊભી થએલ અનિવાર્ય અગત્યને સત્કારવાને બદલે તહેવારો ઘટાડવાની વાતથી, એક નહિ તો બીજી રીતે માગણી ઊડાડી દેવાની આ રમત મોટા સમુદાયને મન અયોગ્ય લાગી છે.

અલબત્ત કોઇ તહેવારોની માગણી રજૂ કરવામાં કોમીય હઠાગ્રહ ન હોવો જોઇએ તેમ જ તહેવારોનું મહત્ત્વ, પણ તે તહેવાર પળાવનારે સમજી લેવું જોઇએ. કેવળ " અમારું પણ સ્થાન હોવું જોઇએ. " એવા ટૂંકા દૃષ્ટિબિન્દુથી તહેવારો પળાવવાની અપેક્ષા દરેક રીતે નુકસાનકર્તા છે, એ વસ્તુ આજે કોઇને સમજાવવાની જરૂરત પણ ન હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરી રીતે તો જાહેર તહેવારોની બાબતમાં આજે એક સિધ્ધાન્ત નક્કી કરવાની અગત્ય છે.

**સામાન્ય તોડ નીકળી શકે તેમ છે—**

તહેવારોની પસંદગી કરતી વખતે વધુ નહિ તો, તહેવારો સાથે સંબંધ ધરાવનાર સમાજનો સમુદાય, તહેવારનું મહત્ત્વ અને તહેવાર પાળનારના પ્રતિનિધિત્વનો ખ્યાલ રાખવામાં આવે, અને એ સિદ્ધાન્તને લક્ષમાં રાખી નિઃપક્ષપાતી લીસ્ટ તૈયાર કરવામાં આવે તો, કદાચ ૨૮ દિવસમાં જ કે એકાદ બે દિવસનો વધારો કરવા માત્રથી સૌ કોઈને સંતોષ આપી શકાય તેમ છે.

આ વાતનો નિર્ણય કરવા પહેલા કોઈને અન્યાય ન થાય તે માટે સદ્‌ભાગ્યે સરકારે એક કમિટિ નિયુક્ત કરી છે અને તેમાં સૌને પોતાનો અવાજ રજૂ કરવાની તક આપવામાં આવી છે. ત્રણ માસના ગાળામાં આ કમિટિને પોતાનો રિપોર્ટ તૈયાર કરવાનો છે. એટલે જૈન સમાજે પોતાના તહેવારોને અંગે જે કંઇ કહેવાનું હોય તે પહેલી તકે રજૂ કરી દેવું જોઇએ.

**ત્રણે ફીરકા મળીને અવાજ રજૂ કરે-**

આ તહેવારોની પસંદગી ત્રણે ફીરકાને લક્ષમાં રાખીને કરવાની છે, અને તે સર્વસામાન્ય અને સરખી રુચિકર હોય તો જ વધારે સારુ છે. એટલે તહેવારોની પસંદગી કરવા પહેલા, ફીરકાવાર પ્રતિનિધિ નિયુક્ત કરી, છેવટ ત્રણે ફીરકાના પ્રતિનિધિઓ સાથે બેસીને આ માટે યોગ્ય રિપોર્ટ રજૂ કરે તે વધારે ઇચ્છિવા યોગ્ય છે. એ માટે જવાબદાર સંસ્થાઓએ તરતમાં જ કાર્ય ઉપાડી લેવું ઘટે.

ભગવાન મહાવીરની જયન્તી, અને પર્યુષણ પર્વની સંવત્સરી-આ બે પ્રસંગો જૈન જગતને મન મહત્ત્વના છે અને ઇતર સમાજને પણ તે શુભ આંદોલન આપી શકે છે. આ સિવાય બીજા તહેવારો કે જ્યારે સમાજને તહેવારના આરાધન માટે તેમાં રસપૂર્વક જોડાઇ રહેવાનું હોય છે તેવા પ્રસંગે વ્યક્તિગત રીતે સ્વતંત્રપણે રજા ભોગવવાનો હક્ક હોવો જોઇએ. તહેવારોની પસંદગીની આ આછી ભૂમિકા માત્ર છે. તેને અંગેની વધુ વિચારણા અને નિર્ણય તો ત્રણે ફીરકાના આગેવાનો તરતમાં એકત્ર થઇને કરે અને કમિટિ સામે પહેલી તકે રજૂ કરે તે વધારે ઇચ્છવા યોગ્ય છે.

તહેવારોના આત્માને અનુલક્ષી, સામાન્ય રીતે સમાજ તેમાં રસ લેતો આવ્યો છે. અને વધારે રસિક બનતો આવે છે, એમ છતાં સરકારી રિપોર્ટમાં દર્શાવવામાં આવેલ છે તેમ "જેમને પળાતા તહેવારો સાથે સીધો સંબંધ હોય છે તેઓ પણ તેનું યથાર્થ પાલન નથી કરતાં. છૂટક વેપાર તો તહેવારના દિવસોમાં ધમધોકાર ચાલે છે" આ વસ્તુ તરફ આપણે વધુ લક્ષ આપવાની અગત્ય છે.

**તહેવારને વિશ્વ-વ્યાપક બનાવી શકાય-**

આપણા તહેવારોના મૂળ તત્ત્વો એવા છે કે તેનો પોતાના અને પરના માટે પ્રચાર કરવામાં આવે તો એ રીતે સમય જતાં એ તહેવાર માત્ર જૈન જગતનો જ નહિ પરંતુ વિશ્વ-વ્યાપક બની રહે. આટલી વિશાળ-દૃષ્ટિ, વિશાળ-આદર્શ સમજી, જૈન જગત પોતાનો તહેવાર યથાર્થ રીતે પાળવામાં સ્ખલના ન કરી શકે. તે દિવસ વ્યાપાર આદિમાં પરોવાઇ રહી વાતાવરણને તન્મય બનાવવામાં બાધક ન નીવડે એટલું જ નહિ પરંતુ તહેવારને વિશાળ સ્વરૂપ, આપી જાહેર જનતાને તે તરફ ખેંચવાનો પ્રયાસ કરે એટલું આપણે જરૂર ઇચ્છીએ. અને એમાં જ તહેવારોને અંગે તે બરાબર નહિ પળાવાની રિપોર્ટમાં થએલ ટીકાનો વાસ્તવિક જવાબ રહેલો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**કપોળ કલ્પતરુ:**—કર્તા ગોરધનદાસ નાગરદાસ મહેતા–શીહોર.


આ ગ્રંથમાં કપોળ બંધુઓના ભૂતકાળનો ઇતિહાસ છે, જેના ચાર ખંડોમાં (૧) કપોળની ઉત્પત્તિ અને જ્ઞાતિબંધારણ (૨) ગાર્ગસગોત્રી કપોળ કુટુંબોની વંશાવળીઓ (૩) શીહોરના જુઠા મહેતાના કુટુંબની વંશાવળીઓ (૪) શીહોરના જુઠા મહેતાના કુટુંબના અગ્રેસરોના જીવનવૃત્તાંતો. આ રીતે ઐતિહાસિક બીનાઓ ઘણા શ્રમપૂર્વક એકઠી કરીને સંકળનાપૂર્વક આ ઇતિહાસ તેના સંપાદક ભાઈ ગોરધનદાસે તૈયાર કરેલો છે. કોઇ પણ કોમનો ભૂતકાળનો ઇતિહાસ સત્ય ઘટનાઓ સહિત તૈયાર કરવો એ બહુ મહત્ત્વની વસ્તુ છે અને તે તે સમાજ, તે જ્ઞાતિ, તે કોમ અને તે વર્ણ માટે અવશ્ય દરેકને માટે હોવી જ જોઇએ. ભૂતકાળના ઇતિહાસથી તે કોમ કે જ્ઞાતિના આચારવિચાર અને વ્યવહાર ઉપર ઘણું અજવાળું પડે છે અને કેટલીક વખત વર્તમાન કાળમાં તે જ સાધન તે તે કોમના શુદ્ધ આચારવિચાર અને ધાર્મિક તેમજ સામાજિક રીતરિવાજો માટે બહુ ઉપયોગી થઇ પડે છે. આ ગ્રંથમાં મહેતા શામજીભાઇ ભીમજી અને તેમના પુત્રપૌત્રો અને વર્તમાન વિદ્યમાન વંશજોના સ્ત્રી–પુરુષોના તેમજ સંસ્થાન ભાવનગરના ભૂતકાળના અને વર્તમાન કાળના રાજા-મહારાજાના પ્રસંગમાં આ કુટુંબ આવેલ હોવાથી તેમની પણ છબીઓ આ ગ્રંથમાં આપીને આ ગ્રંથને ખરેખર ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. લેખકનો આ પ્રયત્ન આવકારદાયક છે. મળવાનું ઠેકાણું લેખકને ત્યાં.

**તત્ત્વન્યાયવિભાકર:**—આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિવિરચિત. પ્રકાશક લબ્ધિસૂરિ જૈન ગ્રંથમાળા, મદ્રાસ. મૂલ્ય આઠ આના. આ ગ્રંથમાં નવતત્ત્વ, ગુણસ્થાન, માર્ગણા, નય, પ્રમાણ, સપ્તભંગી વગેરે વિષયોને બહુ જ સંક્ષિપ્તમાં સંસ્કૃત ભાષાના અભ્યાસીને બહુ સરલ થઇ પડે તેવી રીતે લેખકશ્રી આચાર્યમહારાજે તૈયાર કરેલો આ લઘુ ગ્રંથ છે.

**દાદા શ્રી જિનકુશળસૂરિ:**—લેખક અગરચંદ નાહટા તથા ભંવરલાલ નાહટા. પ્રકાશક શંકરદાન શુભેરાજ નાહટા. અભય જૈન ગ્રંથમાળાનું આ દશમું પુસ્તક છે. આ ગ્રંથમાં ખરતરગચ્છના પરમપૂજ્ય આચાર્ય શ્રી જિનકુશળસૂરિજી મહારાજનું જીવનચરિત્ર અનેક ગ્રંથો અને પટ્ટાવલીના આધારે સ્વતંત્ર રીતે ઐતિહાસિક ચરિત્ર હિંદી ભાષામાં આપવામાં આવેલું છે. જૈન દર્શનમાં ભૂતકાળમાં ઘણા મહાન પ્રભાવક આચાર્ય ભગવાન થઇ ગયા છે, જેમાંના આ જિનકુશળસૂરિ પણ એક પ્રભાવક હતા એમ આ ઇતિહાસ પરથી માલૂમ પડે છે. બીકાનેર રજપુતાનામાં ઉ. ક્ષમાકલ્યાણજી મહારાજના જ્ઞાનભંડારમાંથી એક ૮૬ પાનાની ગુર્વાવલી નામની જૂની પ્રત કે જે આચાર્ય શ્રી જિનકુશળસૂરિના સ્વર્ગવાસ પછી ચાર પાંચ વર્ષ પછી એટલે કે જિનપદ્મસૂરિજી મહારાજના સમયની ઘટનાઓયુક્ત છે, અને અનેક ગ્રંથો ઉપરથી આ આચાર્ય મહારાજનું જીવનચરિત્ર લખાયેલું હોવાથી તે સપ્રમાણ ગણી શકાય. આચાર્ય મહારાજ બહુ જ ચમત્કારિક હતા. તેઓ ૧૪ મા સૈકામાં વિદ્યમાન હતા, એમ તેમણે કરાવેલ કેટલા ય જિનમંદિરોની પ્રતિષ્ઠા તથા તેઓશ્રીએ કરેલી ગ્રંથરચના ઉપરથી જણાય છે. હજારો જૈનેતરોને પોતાના જીવનમાં જૈન બનાવ્યા હતા, અને તેમનો સાધુ–સાધ્વી પરિવાર પણ હજારોની સંખ્યામાં હતો, એમ આ ગ્રંથના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## રાયકોટ (પંજાબ)

આચાર્ય શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજશ્રીનું ચાતુર્માસ અત્રે હોવાથી આ શહેર શ્વેતામ્બર મૂર્તિપૂજકોનું નૂતન ક્ષેત્ર બન્યું છે. અત્રેના શ્રી સંઘે પર્યુષણ પર્વની આરાધન-પ્રસંગની આમંત્રણ પત્રિકાઓ દેશાવરોમાં મોકલવાથી લુધીયાના, સાઢૌરા, માલેરકોટલા, હુશીયારપુર, ગુજરાંવાલા, પટી, નારોવાલ, અમૃતસર, લાહોર, કસુર, જાલંધર, મીયાંણી, જીરા, ભટંડા, બીકાનેર, બનુ, ડેરાગાજીખાં આદિ દૂરના સ્થળોથી હજારો નરનારીઓ આવી પહોંચ્યા હતા. તેઓ માટે ભોજનાદિ પ્રબંધ ત્રણ દિવસ સુધી આ હજારો યાત્રિકો માટે બહુ જ સુંદર રીતે અગ્રવાલ બંધુઓ તરફથી રાખવામાં આવ્યો હતો.

કલ્પસૂત્રના વરઘોડામાં અંબાલાનો ચાંદીનો રથ, લુધીયાનાની ચાંદીની પાલખી, મોટરોમાં આચાર્ય શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજી મહારાજ તથા શ્રીમદ્ વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની તસ્વીર, અને જુદા જુદા શહેરની ભજનમંડલીયોથી ખૂબ આકર્ષણ થતું હતું.

જન્મ મહિમાનો દિવસ અત્રે પ્રથમ હોવાથી સ્વપ્ના, પારણું વગેરે જોઇ લોકો આશ્ચર્ય પામ્યા હતા.

જગરાંવાનિવાસી લાલા અમરનાથે બાવન મણે પારણાની બોલી લીધી હતી ને આકર્ષક વરઘોડો ચઢાવ્યો હતો.

મુનિશ્રી શિવવિજયજી ચૌમાસી ચૌદશથી છઠ્ઠે છઠ્ઠે પારણું કરતા હતા તેઓએ અને મુનિશ્રી સત્યવિજયજીએ પંદર ઉપવાસની તપશ્ચર્યા કરી હતી.

સમયાનુસાર વ્રત-પચ્ચખાણ સારા પ્રમાણમાં થયા હતા.

---

## સાબરમતી (રામનગર)

આચાર્ય શ્રીમદ્ વિજયઉમંગસૂરિજી મહારાજ સપરિવાર અત્રે બિરાજતા હોવાથી પર્યુષણમાં અઠ્ઠાઇ આદિ તપસ્યાઓ, સ્વામીવાત્સલ્ય, ભાવનાઓ, રાત્રિજાગરણ સારા પ્રમાણમાં થયા હતા, તેમજ સુપનાદિનું ઘી આશરે ૨૫૦ મણ થયું હતુ. આ પ્રસંગે અમદાવાદ, પાલુંદરા, પાલનપુર, મારવાડ આદિ શહેરોના સદ્ગૃહસ્થો આવ્યા હતા.

---

કરેલા નિવેદનમાં આપેલા સાધક ગ્રંથો ઉપરથી જણાય છે. પ્રસ્તાવના વિદ્વાન શ્રી જિનવિજયજી જેઓ પ્રસિદ્ધ ઇતિહાસવેત્તા જણાય છે તેઓના હાથે લખાયેલી હોવાથી આ ગ્રંથ માટે આવકારદાયક થઈ પડેલ છે. આવા મહાન આચાર્યોના ચરિત્ર ગુજરાતી અને હિંદી બંને ભાષાઓમાં સત્ય ઐતિહાસિક પ્રમાણોથી આપવામાં આવે તો ઐતિહાસિક સાહિત્યમાં આવશ્યક વધારો થઇ પડે, અને તે જૈન દર્શન માટે ઘણો જ મહત્ત્વનો વિષય છે. લેખકે આ ઇતિહાસ ભેગો કરવામાં જે શ્રમ કર્યો છે તે ઘણો જ પ્રશંસાપાત્ર છે. કિંમત રૂા. એક કંઇક વિશેષ છે.

**શ્રીમદ્ બુદ્ધિસાગરજીના બોધવચનો**- પંડિત માવજી દામજી શાહ. વિદ્વાન આચાર્યની કૃતિના બોધવચનોનો સંગ્રહ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, જે વાંચવા જેવો છે. કિંમત ૦-૨-૦

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી મહાવીર જીવનચરિત્ર.

## ( શ્રી ગુણચંદ્ર ગણિકૃત )

બાર હજાર શ્લોક પ્રમાણુ મૂળ પાકૃત ભાષામાં વિસ્તારપૂર્વક, સુંદર શૈલીમાં આગમો અને પૂર્વાચાર્યોરચિત અનેક ગ્રંથોમાંથી દોહન કરી શ્રી ગુણચંદ્ર ગણિએ સં. ૧૧૩૯ ની સાલમાં રચેલો આ ગ્રંથ, તેનું સરળ અને ગુજરાતી ભાષાંતર કરી શ્રી મહાવીર જીવનના અમુક પ્રસંગોના ચિત્રોયુકત સુંદર અક્ષરોમાં પાકા કપડાના સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર કરી પ્રગટ કરવામાં આવ્યો છે.

અત્યાર સુધીમાં પ્રકટ થયેલ શ્રી મહાવીર ચરિત્રો કરતાં વધારે વિસ્તારવાળો, જીવનના અનેક નહિ પ્રકટ થયેલ જાણવા જેવાં પ્રસંગો, પ્રભુના પાંચે કલ્યાણુકો, પ્રભુના સત્તાવીશ ભવોના વિસ્તારપૂર્વક વિવેચન અને છેવટે પ્રભુએ સ્થળે સ્થળે આપેલ વિવિધ વિષયો ઉપર બોધદાયક દેશનાઓનો સમાવેશ આ ગ્રંથમાં કરવામાં આવેલ છે.

શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આપણો **જૈન સમાજ** અત્યારે તેઓશ્રીના ઉપકાર નીચે છે, તેથી આ પ્રભુના જીવનચરિત્રનું મનનપૂર્વક વાચન, પઠનપાઠન, અભ્યાસ કરવો જ જોઇએ. વધારે લખવા કરતાં અનુભવ કરવા જેવું છે. સુમારે છસેંહ પાનાનો આ ગ્રંથ મ્હોટો ખર્ચ કરી પ્રકટ કરવામાં આવેલો છે, કિંમત રૂા. ૩-૦-૦ પોસ્ટેજ જુદું.

લખોઃ—**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

## નવીન ત્રણ ઉત્તમ ગ્રંથો નીચે મુજબના છપાય છે.

૧ કથારત્ન કોષ—શ્રી દેવભદ્રસૂરિકૃત

૨ ઉપદેશમાળા—શ્રી સિદ્ધર્ષિકૃત મોટી ટીકા

૩ શ્રી નિશિથ ચૂર્ણિસૂત્ર ભાષ્ય સહિત.

---

## શ્રી પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તૈયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨-૦-૦

૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦

૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪-૮-૦

૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦

૫ શ્રી મહાવીર ચરિત્ર રૂા. ૩-૦-૦

૬ શ્રી તીર્થંકર ચરિત્ર ( ચોવીશ જિનેશ્વરના સંક્ષિપ્ત રસપૂર્વક ચરિત્ર ) જૈન પાઠશાળા કન્યાશાળામાં પઠનપાઠન માટે ખાસ ઉપયોગી. રૂા. ૦-૧૦-૦

## છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) ( મૂળ )

२ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग.

४ पांचमो छट्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्पसूत्र भाग ४-५

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

---

"શ્રી આત્માનંદ પ્રકાશ" માસિકનું વાર્ષિક લવાજમ. રૂા. ૧-૮-૦ પોસ્ટેજ ચાર આના અલગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B 431.

# ગુજરાતી ભાષાંતરના ગ્રંથો.

## ( મળી શકતા ગ્રંથોનું લીસ્ટ )

| | |
|---|---|
| શ્રી નવતત્ત્વનો સુંદર બોધ | ૦॥= |
| શ્રી જીવવિચાર વૃત્તિ | ૦।= |
| શ્રી દંડક વૃત્તિ | ૦॥ |
| શ્રી નય માર્ગદર્શક | ૦॥= |
| શ્રી હંસવિનોદ | ૦॥। |
| કુમાર વિહારશતક | ૧॥ |
| શ્રી જૈનધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦॥ |
| શ્રી આત્મવલ્લભ જૈન સ્તવનાવલી | ૦।= |
| શ્રી મોક્ષપદ સોપાન | ૦॥। |
| ધર્મબિન્દુ આવૃત્તિ બીજી | ૨) |
| શ્રી પ્રશ્નોત્તરપુષ્પમાળા | ૦॥।= |
| શ્રી શ્રાવકકલ્પતરૂ | ૦।= |
| શ્રી આત્મપ્રબોધ | ૨॥ |
| જૈન ગ્રંથ ગાઇડ | ૧ |
| શ્રી નવાણું પ્રકારી પૂજા ( અર્થ સહિત ) | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વસ્વરૂપ સ્તવ | ૦। |
| શ્રી ચંપકમાળા ચરિત્ર | ૦॥ |
| શ્રી સમ્યક્ત્વ કૌમુદી ભાષાંતર | ૧) |
| શ્રી પ્રકરણ પુષ્પમાળા ( દ્વિતીય પુષ્પ ) | ૦॥ |
| શ્રી અધ્યાત્મમત પરીક્ષા | ૦। |
| શ્રી ગુરૂગુણમાળા | ૦॥ |
| શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦।– |
| શ્રી જ્ઞાનામૃત કાવ્યકુંજ | ૦॥ |
| શ્રી ઉપદેશસપ્તતિકા | ૧) |
| શ્રી પંચપરમેષ્ઠી ગુણરત્નમાળા | ૧॥ |
| સુમુખનૃપાદિ ધર્મ પ્રભાવકોની કથા | ૧) |
| શ્રી નેમનાથ પ્રભુનું ચરિત્ર | ૨) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧ લો | ૨) |
| આદર્શ જૈન સ્ત્રીરત્નો | ૧) |
| શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૨ જો | ૨॥ |
| શ્રી દાનપ્રદીપ | ૩) |
| શ્રી નવપદજી પૂજા ( અર્થ સહિત ) | ૧। |
| કાવ્યસુધાકર | ૨॥ |
| શ્રી આચારોપદેશ | ૦॥ |
| ધર્મરત્ન પ્રકરણ | ૧) |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર (અર્થસહિત શાસ્ત્રી) | ૧॥। |
| શ્રી પંચ પ્રતિક્રમણસૂત્ર અર્થ સહિત (ગુ.) | ૧। |
| શ્રી આત્મવિશુદ્ધિ | ૦।= |
| કુમારપાળપ્રતિબોધ | ૩॥। |
| જૈન નરરત્ન " ભામાશાહ " | ૨) |
| આત્માનંદ સભાની લાયબ્રેરીનું અક્ષરાનુક્રમ લીસ્ટ | ૦॥।= |
| શ્રી વિમલનાથ ચરિત્ર | ૧॥। |
| શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર | ૧॥। |
| શ્રી પૃથ્વીકુમાર ચરિત્ર | ૧) |
| ધર્મપરીક્ષા | ૧) |
| શ્રી પ્રભાવક ચરિત્ર | ૨॥ |
| જૈનધર્મ | ૧) |
| શ્રી દેવસીરાઇ પ્રતિક્રમણ અર્થ સહિત | ૦॥= |
| શ્રી સામાયિક સૂત્રાર્થ | ૦)=॥ |
| શ્રીપાળરાજાનો રાસ, સચિત્ર (અર્થ યુક્ત) | ૨) |
| " " " રેશમી પુઠું | ૨॥ |
| સતી સુરસુંદરી ચરિત્ર | ૧॥ |
| સંવેગદ્રુમ કંદલી | ૦। |
| શત્રુંજયનો પંદરમો ઉદ્ધાર | ૦)= |
| " સોળમો ઉદ્ધાર | ૦। |
| શ્રી વીશસ્થાનક પૂજા અર્થ સહિત | ૦॥। |
| શ્રી તીર્થંકર ચરિત્ર | ૦॥= |
| કલિંગનું યુદ્ધ યાને મહારાજા ખારવેલ | |
| શ્રી મહાવીર જીવનચરિત્ર | ૩) |

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટીંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only